Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

देवं श्रेणिकवत्प्रपूजय गुरुं वंदस्व गोविंदवत् ।
दानं शील तपः प्रसंगसुभगां चाभ्यस्य सद्भावनां ॥
श्रेयांसश्च सुदर्शनश्च भगवानाद्यः स चक्री यथा ।
धर्म्ये कर्मणि कामदेववदहो चेतश्चिरं स्थापय ॥ १ ॥

પુસ્તક ૩૪ મું.] પોષ-સંવત ૧૯૭૫. વીર સંવત ૨૪૪૫. [અંક ૧૦ મો.

## ऋषभदेव स्तुति.

અમરપતિરચિતસુકુલ[1]! સુચરિત! દલન કર કરમદલ મમ સતત્;
ભવવન ભટકત દિઠ તુજ શરણ, [2]મનસિજમદહર! નમું તુજ ચરણ. ૧
અખિલ ભુવન પ્રભુ! અમિત દુઃખભર, ભવભયહર! કર નિરભય અમર;
પરમપદસ્થિત! હર જનમ-મરણ, મનસિજમદહર! નમું તુજ ચરણ. ૨
તન-મન-ધન-યુવતિ અતિ ખટપટ, ઋષભ! દહન કર મુજ મદ-કપટ;
[3]યુગજનમન વિભુ! શુભમતિભરણ! મનસિજમદહર નમું તુજ ચરણ. ૩
અકલિતગતિ! ઉપકૃત વિબુધ[4] નર, [5]અચલ શિખરપર [6]અચલ પદધર;
[7]અપચિતિકર ચિતિપ્રદ, [8]ચિતિધરણ! મનસિજમદહર! નમું તુજ ચરણ. ૪
જય! ઋષભ! નમન અઘહર! દુઃખઘનહર! ચિર સુખકર!
નિરખત સુરત કહુત દુઃખ, પ્રભુ! તુમ દરસ સરસ સુખ. ૫

સંઘવી કેશવલાલ નાગજીભાઇ—સાણંદ.

---

૧ ઋષભપ્રભુના જન્મ પછી એક વર્ષે પ્રભુનો વંશ સ્થાપન કરવા માટે સૌધર્મેંદ્ર ઇક્ષુ–શેલડીનો સાંઠો લેઇને પ્રભુ પાસે આવ્યા. તે વખતે પિતા–નાભિરાજાના ઉત્સંગમાં બેઠેલા ઋષભદેવે તે સાંઠો લેવા સૌધર્મેંદ્ર તરફ પોતાનો કર લંબાવ્યો. આથી સૌધર્મેંદ્રે તેમના વંશનું નામ "ઇક્ષ્વાકુ" સ્થાપન કર્યું. ૨ કામદેવ. ૩ યુગલિયાઓને વ્યવહારની સમગ્ર કળાઓનું જ્ઞાન આપી કાળનિર્મિત તેમની મુશ્કેલીઓને પ્રભુએ દૂર કરી હતી. ૪ દેવ. ૫ અષ્ટાપદ પર્વત ઉપર. ૬ મોક્ષ. ૭ અપચિતિ–પૂજા. ચિતિ–જ્ઞાન. સેવકજનોને જ્ઞાન અર્પનાર. ૮ અનંતજ્ઞાનને ધારણ કરનાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# नुतनवर्षाभिनंदन.

## ગીતિ.

"જૈનધર્મ પ્રકાશ," પામો કીર્તિ સુયશ નિધિ સુખદા;
ગ્રાહક ગણુને નુતન, વર્ષ મુબારક ક્ષયી વિઘ્ન દુઃખદા.

## ગઝલ.

મુબારક આર્યને થાજો, નવીન આ સાલ વિક્રમની;
અનુપમ ઐકયતા પાજો, નવીન આ સાલ વિક્રમની.
મધુરૂં ઐકય ધારીને, સદા સદ્‌ભાવના ધરજો;
રહો આનંદની ધારા, વિવિધ ઉદ્યોગ આદરજો.
વધીને જ્ઞાનમાં વેગે, પુરાણી પ્રૌઢતા પામો;
ચિરાયુ પૂર્ણ પામીને, પુરાણા ગૌરવે જામો.
મીઠા ઝરણા પ્રભાકરનાં, સુધાસમપૂર્ણ વર્ષે છે;
ઉદય ભારત હજો તારો, અહા ! એ શબ્દ સૂચવે છે.
વિદારી દુઃખનાં આંસુ, સુખાશ્રુ પૂર્ણ ઝરવા દે;
અનીલ યશકીર્તિનો રેલો, પરીમળ પુષ્પ ચાખી લે.
દુઃખદ કષ્ટો સદા ટળશે, અનુપ આનંદ રેલાશે;
અમોલી ઐકયતા સ્વરવે, મધુરામૃત રેડાશે.
વધો પરિવાર આર્યોનો, કુસુમ સુવાસ ફેલાવો;
વધો લક્ષ્મી અને વિદ્યા, સફળ મનકામના થાઓ.
ઉપાધિ આધિ ને વ્યાધિ, ત્રિવિધ તાપ સંહરશે;
મધુરી માતૃભૂમિના, નવલ પુષ્પો પ્રવર્તાશે.
વિભુની પ્રેમ આશીષથી, દુઃખદ અમ કષ્ટ વેરાશે;
કથે કર્ણિક આ વરસે, ભરત મમ ગાજતો થાશે.

## ચંદ્રાવળા.

નુતન વર્ષ હો સુખદ મુબારક, આયુષ વૃદ્ધિ લેખ;
કષ્ટહરણ હો અમૃત ઝરણું, સંપત સંતતી દેખ.
સંપત સંતતી લેખ અતીશે, અમૃતમય આનંદ રેલાશે;
પામો સુખ સિદ્ધિ સુખકારક, નુતન વર્ષ હો સુખદ મુબારક.
ધન યશ નિધિ કીર્તિ લાવો, વિદ્યા ને વ્યાપાર;
સુભગ ભાવના મણુગી ખીલજો, ટળજો કષ્ટ અપાર.
ટળજો કષ્ટ અપાર તમારા, અમૃતમય વરસો જળધારા;
અનુપમ દેશ ભાવ રેલાવો, ધન યશ નિધિ કીર્તિ ઉભરાવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લક્ષ્મી સરસ્વતી શુભ પામો, કુસુમ–પુષ્પ પરાગ;
સમકીર્તિ મ્હેકાવો ઉમદા, પામો પ્રેમ અથાગ.
પામો પ્રેમ અથાગ મધુરો, રસ આલ્હાદ સુભગ હો શૂરો;
"કર્ણીક" આશીષ તાપ વિરામો, લક્ષ્મી સરસ્વતી શુભ પામો.

રા. રા. માધવરાવ ભાસ્કરરાવ કર્ણિક.
તારાપુરકર–સુરત.

# अवसान समय चेतननी जागृत दशा.

( રાગ–કાફી. )

અમે તો ચેલા નહિં, અણુધાર્યો ઝડપશે કાળ,
શરિર સુશ્રુષા ઉમ્મર આખી, કરિ રહેવા સુકુમાળ;
આખર સમય અગાઉથી પોઢયું જાણ્યે પરાધીન બાળ;
દિસે અતિ [1]કૃશીત [2]સુગાળ ... ... ... અમે તો૦ ૧
( એ આંકણી )
બાપા દાદા કહી છાતી પર, ચઢતા પ્યારા બાળ,
કાન ધરે નહિં કહેણુ વડિલનું, કઇક અજ્ઞાની રિસાળ;
કરે નહિ સાર સંભાળ.. ... ... ... અમે તો૦ ૨
ખાધું પીધું નહિ, દાન દિધું નહિ, કર દઇ વદતો કપાળ,
એક વખત છોડે તો સાધુ, થાય વિચારના માળ;
પડે જહાં કાળની ફાળ.. .. ... ... અમે તો૦ ૩
ડાહ્યો થયો દેખી જ્યાં તારી, ડાંગ ઓ કાળ કરાળ,
અગ્નિ સમય કૂપ ખણુવા આજે, ચેતન થયો ઉજમાળ,
લાગી ચારેમેરથી ઝાળ.. ... ... ... અમે તો૦ ૪
ચેતવતા વ્યાખ્યાને અહર્નિશ, મુનિવર પરમ દયાળ,
મોહ વિવશ અજ્ઞાને ન માન્યું, છોડી નહિ જંજાળ;
વધારતા આળપંપાળ... ... ... ... અમે તો૦ ૫
ઇંદ્ર ચંદ્ર યોગીંદ્ર કે ચક્રી, સંતજનો ભૂપાળ,
શરમ નહિ ઘડીભર પણ તેની, અવધે ગ્રહે તત્કાળ;
જુએ નહિ કાળ[3] અકાળ. ... ... ... અમે તો૦ ૬
પંચેંદ્રિ સામગ્રી મળી સબ, વધતા પુન્ય વિશાળ,
અમૂલ્ય સમય મળવો એ દુષ્કર, તત્ત્વવૃત્તિએ નિહાળ;
અસ્થિર સંસારની ઝાળ. ... ... ... અમે તો૦ ૭

---

૧ સુકાઇ ગયેલ કરોચરી વાળું. ૨ સુગ ચડે એવું. ૩ વખત કવખત.

For Private And Personal Use Only

સ્વપ્ન સમાન ક્ષણિક બાજીમાં, રઝળ્યો અનંતો કાળ,
દુર્લભ નરભવ પામી ફરિ હ્યો, પાણી અગાઉથી પાળ;
નિવારવા દુઃખ અસરાળ. ... ... ... અમે તો૦ ૮

દુર્લભજી વિ૦ ગુલાબચંદ મહેતા—વળા.

# कामान्धता तजवा हितोपदेश.

( લેખક—મુનિ કર્પૂરવિજયજી. )

" दिवा पश्यति नो घूकः, काको नक्तं न पश्यति;
अपूर्वः कोऽपि कामान्धो, दिवा नक्तं न पश्यति. "

'ઘુવડ દિવસે દેખતું નથી અને કાગડો રાત્રે દેખતો નથી. પણ કામાન્ધ જીવ કોઈ અપૂર્વ અંધ છે કે તે દિવસે કે રાત્રે કયારે પણ દેખતો—દેખી શકતો નથી. તે સદાય અંધ છે.'

" आपदां कथितः पन्था, इन्द्रियाणामसंयमः ;
तज्जयः संपदां मार्गो, येनेष्टं तेन गम्यताम् . "

'ઇન્દ્રિયોના વિષયોને તાબે થઇ મનગમતું કરવું તે આપદા પામવાનો ધોરી માર્ગ છે અને તેજ વિષયોને જીતી આપણા કાબુમાં રાખવા એ સંપદાનો માર્ગ છે. એ બે માર્ગમાંથી ત્હમને ગમે તે માર્ગે જાઓ ! તમારે સુખીજ થવું હોય તો ઇન્દ્રિયોને વશ કરવા પૂરતું લક્ષ રાખો અને જો દુઃખીજ થવું હોય તો ત્હમે તેના ગુલામ થઇ રહો !'

યાદ રાખો કે ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત થયેલા ( ફસી પડેલા ) સુશીલતા વગરના જીવો આ ચાર ગતિરૂપ ઘોર સંસારમાં રખડી રખડી ખુવાર થયા કરે છે. જેમ પાંખના બળ વગરના પંખી પોતાની પાંખો છેદાઇ જવાથી ભૂમિ ઉપર પડી જઇ દુઃખી થાય છે તેમ સુશીલતા વગરના જીવોની પણ દુર્દશા અનેકધા થાય છે—થયાં કરે છે. કિંપાકના ફળની જેવા વિષયભોગ ભોગવતાં સુંદર જણાય છે પણ તે પરિણામે પોતાના પ્રિય ( દ્રવ્યભાવ ) પ્રાણનો નાશ કરનારા નીવડે છે—એમ સમજી સુજ્ઞ જીવોએ એવા દારૂણ દુઃખદાયી વિષયભોગથી વિરમવું ઘટે છે. ઇન્દ્રિયરૂપી ચપળ ઘોડાને જો સારી રીતે નિયંત્રિત કરવામાં ન આવે તો તે દુર્ગતિના માર્ગમાં જીવને ખેંચી જાય છે. ભવભીરૂ ભાવિતાત્મા તેને જિનવચન રૂપી લગામથી નિયમમાં રાખે છે—રાખી શકે છે. જ્યાં સુધીમાં જરા અવસ્થા આવી ન પહોંચે, વ્યાધિ વૃદ્ધિ ન પામે અને ઇન્દ્રિય બળ ક્ષીણ થઇ ન જાય ત્યાં સુધીમાં ધર્મનું સંસેવન કરી લેવાય એમ છે. માટે જાગૃત થાઓ, જાગૃત થાઓ. ઇતિશમ્.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्री जंबूकुमार मुनि अने दशविध यतिधर्म.

" धन्योऽयं सुरराजराजिमहितः श्री जंबूनामा मुनि–
स्तारुण्येऽपि पवित्ररूपकलिते यो निर्जिगाय स्मरम्;
त्यक्त्वा मोहनिबंधनं निजवधूसंबंधमत्यादरात्,
मुक्तिस्त्रीवरसंगमोद्भवसुखं लेभे मुदा शाश्वतम्. "

ઇન્દ્રોની શ્રેણિવડે પૂજા–સત્કાર પામેલા શ્રી.જંબૂ નામના મુનિ ધન્ય–કૃત. પુન્ય છે કે જેમણે પવિત્ર રૂપયુક્ત યૌવનવયમાં પણ કામનો જય કર્યો અને મોહ ઉત્પત્તિના નિદાનરૂપ નિજ સ્રીસંબંધનો ત્યાગ કરીને અતિ આદરપૂર્વક મોક્ષ-સ્રીના શ્રેષ્ઠ સંબંધ જનિત શાશ્વત સુખનો હર્ષથી ભેટો કર્યો. જંબૂકુમાર સમાન શ્રેષ્ઠ–સજ્જનો છતા વિષયભોગનો પણ ત્યાગ કરે છે અને કેટલાક ભારેકર્મી જીવો અછતા ભોગની પણ અભિલાષા રાખે છે, ત્યારે જંબૂકુમાર જેવા મહાપુરૂષનું અદ્દભૂત ચરિત્ર દેખીને ( યા સાંભળીને ) પ્રભવા ચોર જેવા પ્રતિબોધ પામી જાય છે; અર્થાત્ વિષયભોગનો ત્યાગ કરી દે છે. "દુર્ગતિ પડતાં પ્રાણીને ધારી રાખી સદ્દગતિમાં જોડી આપવાનું સામર્થ્ય ધર્મમાં છે. તે ધર્મ સર્વજ્ઞ ભગવાને કહેલો સંયમાદિક દશ પ્રકારનો છે, અને તે મોક્ષ માટે થાય છે." એમ સમજીનેજ અનેક ભવ્યાત્માઓ શ્રી જંબૂકુમારની પેરે અવિનાશી સુખ મેળવવા માટે સંયમમાર્ગનો આશ્રય લઇ, સદ્દગુરૂને આધીન રહી, વિનય બહુમાનપૂર્વક સુશ્રૂષાદિક ઉત્તમ ગુણ ધારી, સમ્યગ્ શ્રુત જ્ઞાનનો દ્રઢ અભ્યાસ કરી, ક્ષમાદિક ઉત્તમ ગુણોને ધારણ કરી, વિવિધ પ્રકારના બાહ્ય અભ્યંતર તપવડે આત્મદમન કરી, રાગ દ્વેષ અને મોહાદિક દોષોનું ઉન્મૂલન કરી અંતે અવિચળ મોક્ષપદ પામે છે. ઉત્તમ પ્રકારની ક્ષમા ( સમતા ), ઉત્તમ પ્રકારની મૃદુતા ( નમ્રતા ), ઉત્તમ પ્રકારની ઋજુતા ( સરલતા ), ઉત્તમ પ્રકારની નિર્લોભતા, ઉત્તમ પ્રકારની તપસ્યા, ઉત્તમ પ્રકારનો સંયમ ( ઇન્દ્રિય અને કષાયાદિકના જયવડે આત્મનિગ્રહ ), ઉત્તમ પ્રકારનું સત્ય, ઉત્તમ પ્રકારનું શૌચ ( પ્રમાણિકપણું–પવિત્રપણું ), ઉત્તમ પ્રકારનું નિર્મમત્વ, અને ઉત્તમ પ્રકારનું બ્રહ્મચર્ય એ દશવિધ યતિ ધર્મ–મુનિમાર્ગ મોક્ષને માટે.કહ્યો છે.

ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# जन्ममरणनां अनंता दुःखमांथी छूटवा माटे भव्यात्माए करवो घटतो विचार

( લેખક—સન્મિત્ર કર્પૂરવિજયજી. )

" જન્મતાં અને મરતાં જીવોને અત્યંત દુઃખ થાય છે તે દુઃખથી સદાય સંતપ્ત રહેતા હોવાથી તેમને પૂર્વ જન્મનું સ્મરણ થઇ શકતું નથી. "

" અગ્નિ જેવી તપાવીને લાલચોળ કરેલી તીખી–અણીદાર સોયોવડે એકી સાથે રૂંવાડે રૂંવાડે ભોંકાવાથી જીવને જેટલું દુઃખ થાય તેથી આઠગણું દુઃખ ગર્ભમાં વસતા ગર્ભવાસીને થાય છે. "

" ગર્ભથકી બહાર નીકળતાં જીવને માતાની યોનિરૂપી જંતરડીમાંથી પીડાતાં જે દુઃખ થાય છે તે પૂર્વના દુઃખ કરતાં લાખ ગણું અથવા કોડાકોડ ગણું પણ વધારે હોય છે. "

કોઇક ઉત્તમ ગર્ભવાસી જીવ ધર્મશીલ માતા પિતા કે ગુર્વાદિકના સાનિધ્યથી ધર્મ ઉપદેશને સાંભળી તેમાં પોતાનું ચિત્ત રંગી નાખી તેમાંજ તદ્દગત (એકાગ્ર) બની જઇ ( દૈવયોગે અલ્પ આયુષ્ય હોવાથી ) જો મરણ પામે છે તો તે શુભ ભાવથી દેવગતિમાં ઉપજે છે અને એથી ઉલટું જો અવધિજ્ઞાનથી પારકું બળ–કટક દેખી પોતે વિકુર્વણા કરીને તેની સંગાતે યુદ્ધ કરે છે અને તેમાંજ એકાગ્ર બની જાય છે તો તે ગર્ભમાંજ મરણ પામી નરક મધ્યે ઉપજી મહાવેદના પામે છે. સુખના અર્થી સહુ કોઇ જીવ સુખ મેળવવા મથે છે. તેને અમુક વખત સુધી ઉંધે મસ્તકે લટકાઇ રહેવા કંઇ લાલચ બતાવવામાં આવે તો પણ તે નાકબુલ થાય છે, તેમ છતાં મહા આશ્ચર્યની વાત છે કે દરેક જીવ માતાના ગર્ભમાં પોતાના નિયમિત અવધિ સુધી ઉંધે મસ્તકે એવી રીતે લટકાઇ રહે છે કે જોનારનું હ્રદય પથ્થર જેવું કઠણ હોય તેમ છતાં તે કરૂણાજનક દેખાવ દેખીને બહુધા પીગળી જાય છે.

એવાં અનંત દુઃખથી પચતા જીવમાંના કોઇ લઘુકર્મી જીવને પૂર્વ ભવમાં કરી રાખેલા શુભ અભ્યાસના બળથી શુભ મતિ ( ધર્મબુદ્ધિ ) જાગે છે, તો તેનું શુભ પરિણામ તે ભવિષ્યમાં અનુભવે પણ છે. કેટલાક ગર્ભવાસી જીવો નરક જેવી ગર્ભની વેદનાથી મૂર્છિત જેવી દુર્દશા અનુભવતા ગર્ભમાંજ મરણ પામે છે, કેટલાક જન્મતી વખતની વેદનામાં મરણ પામે છે અને કેટલાક વળી મહાકષ્ટે યોનિદ્વારા જન્મ લે છે, પરંતુ ગર્ભાવાસમાં જે જે દુઃખ સહેવાં પડ્યાં છે તે બધાં પાછળથી વિસરી જાય છે અને દ્રશ્ય વસ્તુના મોહમાં પડી મુંઝાય છે. તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાગદ્વેષની ચીકાશ વડે આત્માને મલીન કરી ચાર ગતિરૂપ સંસારમાં રઝળે છે. આ સંસારચક્રમાં અનેક વખત જન્મ મરણુ કરતાં અનંતી પુણ્યની રાશિઓ વડે મનુષ્યદેહ, આર્ય ક્ષેત્રમાં ઊત્પત્તિ, ઉત્તમકુળ–જાતિમાં જન્મ, પાંચે ઇંદ્રિય પરવડા, નિરોગી કાયા, દીર્ઘઆયુષ્ય, હિતાહિત વિચાર, તત્ત્વરૂચિ, સદ્‌ગુરૂનો જોગ, ધર્મ ઉપર શ્રદ્ધા વિગેરે ઉત્તમ સામગ્રી સાંપડે છે, તેનો જો પ્રમાદ રહિત લાભ લઇ શકાય છે તો તેની સફળતા થાય છે, અને ભવાન્તરમાં વિશિષ્ટ સામગ્રી મેળવી ઉત્તમ જ્ઞાન અને કરણીની સહાયથી અંતે જન્મ મરણુનો ફેરો સર્વથા ટાળી અક્ષય-અનંત સુખ સાથે ભેટો કરી શકાય છે. અન્યથા તો કહ્યું છે કે–મદ ( Intoxication ), વિષય (Sensual desires ), કષાય ( Wroth, arrogance etc ), નિદ્રા (Idleness ) અને વિકથા (False gossips)રૂપ પાંચ પ્રબળ પ્રમાદને. વશ પડવાથી જીવની ભારે ખુવારી થવા પામે છે. માદક પદાર્થના સેવનથી જીવ પોતાનું ભાન ભૂલી જીઇ કર્તવ્યભ્રષ્ટ થઇ જાય છે. પાંચ ઇંદ્રિયોના વિષયમાં આસક્ત બની જીવ પરવશ થઇ જઇ મરણુાંત કષ્ટ પામે છે. ક્રોધાદિક કષાયથી સંતપ્ત થયેલો જીવ સંસારમાં પરિભ્રમણુ કરતો કોઇ સ્થળે શાન્તિ પામતો નથી. આળસથી જીવને પોતાનું જીવતર પણુ કડવું થઇ પડે છે, તેને કયાંય ગમતું નથી, અને નકામાં ગપ્પાંસપ્પાં મારવાથી અથવા પારકો કુથલો કરવાથી અજ્ઞાની જીવ આત્મસાધનની અમૂલ્ય તક ચૂકી જાય છે. આ રીતે પ્રમાદવશ પ્રાપ્ત થયેલી દુર્લભ સામગ્રી ગુમાવી બેસી પુણ્યધન રહિત બની ફરી ફરી ભવચક્રમાં ભટકતો રહે છે અને અનંત જન્મમરણુની વ્યથાઓને પરવશપણે સહન કરે છે.

' देहे दुःखं महाफलं '

એ આપ્ત વચનને યાદ રાખી જે સ્વાધીનપણે મન ઇન્દ્રિયને લગામમાં રાખી આત્મદમન કરતો રહે છે તેને પરિણામે સર્વ સુખ સ્વાધીન થાય છે, અને સકળ આધિ, વ્યાધિ અને ઉપાધિનો યા જન્મ મરણુનો અંત કરી અંતે અજરામર પદ પણુ પ્રાપ્ત થાય છે. કિં બહુના ! ઇતિશમ્.

---

પ્રકારાન્તરે પ્રમાદના, આઠ પ્રકાર પણુ કહ્યા છે તે જાણીને પરિહરવા યોગ્ય છે. ૧ અજ્ઞાન, ૨ સંશય, ૩ મિથ્યાજ્ઞાન, ૪ રાગ, ૫ દ્વેષ, ૬ મતિભ્રંશ, ૭ ધર્મ વિષે અનાદર અને ૮ મન વચન કાયાના યોગનુ દુષ્પ્રણિધાન—આ આઠ પ્રકાર સમજવા.

જ્ઞાનીઓ કહે છે કે ઉગ્ર વિષભક્ષણુ કરવું સારૂં, અગ્નિમાં પ્રવેશ કરવો સારો, શત્રુઓ સાથે વાસો વસવો સારો, અને સર્પ સંગાતે ક્રીડા કરવી સારી, પણુ ધર્મસાધનમાં પ્રમાદ કરવો સારો નથીજ, કેમકે વિષભક્ષણાદિકથી એકવાર મૃત્યુ થાય ત્યારે પ્રમાદાચરણુથી તો અનંતા જન્મ મરણુ સંબંધી અપાર દુઃખ સહન કરવાં પડે છે, અરે ! પ્રમાદને વશ પડી જવાથી જ્ઞાની પુરૂષોને પણુ પાછળથી બહુ સહન કરવું પડે છે

( પ્રમાદ પરિહાર કુલક ) લેખક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " ચારિત્ર લેવા માટે પુત્રે માતાને કરેલો બોધ. "

પ્રાચીન કાળમાં આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં અચળપૂર નામનું સુશોભિત નગર હતું. તેમાં શીલવતી નામની એક સ્ત્રી રહેતી હતી. તે જૈનધર્મ ઉપર બહુ પ્રીતિ રાખતી હતી; અને અહર્નિશ પૂજાદિકમાં પોતાનો કાળ ગાળતી હતી. તે પોતાના ઘરમાં એક પવિત્ર જગ્યાએ પંચપરમેષ્ઠીની સ્થાપના કરી તેની પૂજા કરતી હતી. એક વખત આ બાઈ બહુ માંદી પડી, તે વખતે તેને વિચાર થયો કે 'આમાંથી કદાચ મારૂં અવસાન થશે તો પાછળ મારા પ્રભુની પૂજા કોણ કરશે? કારણકે મારી પછવાડે મારે કોઇ સંતાન નથી.' દિવસે દિવસે તે મંદવાડમાં ઘેરાતી જાય પણ તેનો પ્રાણ જાય નહિ, કારણકે તેનો આત્મા પંચપરમેષ્ઠીની મુર્ત્તિમાં હતો. એક દિવસ તેને જોવાને માટે ગુણવતી નામની એક સ્ત્રી તેને ઘેર આવી. ત્યારે શીલવતી બોલી 'હે બ્હેન! મારા અવસાન પછી તું મારા પ્રભુની પૂજા સેવા સારી રીતે કરીશ? કારણકે મારો જીવ પ્રભુ પ્રત્યે વળગેલો છે, તેથી મારા દેહનો અંત આવતો નથી.' આ પ્રમાણે સાંભળી ગુણવતી કહે 'બ્હેન! હું પ્રભુની પૂજા પ્રીતિથી કરીશ, તું તેની કાંઇ પણ ફીકર કરીશ નહિ.' આવાં વચન તે બાઇના મુખમાંથી નીકળતાં શીલવતીએ દેહ છોડ્યો અને સદ્ગતિને પામી.

હવે ગુણવતી પૂરા પ્રેમથી પ્રભુની પૂજા ભક્તિ કરે છે અને અહર્નિશ પ્રભુસેવામાં તલ્લીન રહે છે. જેવી પ્રભુ પ્રત્યે તેની ભાવના છે તેવીજ પ્રીતિ તેના સ્વામીની પણ છે. તે બાઇને પણ કાંઇ સંતાન ન હોતું તેથી તે મનમાં વિચાર કરતી કે 'પૂર્વ ભવના કોઈ અશુભ કર્મના યોગે મને પુત્રરત્ન પ્રાપ્ત થયું નથી તે તો મારા ભાગ્યની વાત છે, પણ મારી પાછળ મારા પ્રભુની પૂજા ભક્તિ કોણ કરશે? અરે જીવ! પરભવમાં અમે એવાં કયા પાપ કર્યાં હશે કે જેથી અમે અપૂત્ર રહ્યા?'

દૈવયોગે અશુભ કર્મ પૂરાં થયાથી તે બાઇને મોટી વયે ગર્ભ રહ્યો. સાત માસનો ગર્ભ થયો ત્યારે તે બાઇના ઉદરમાંથી નવકાર મંત્રના અવાજ સંભળાવા લાગ્યા. આથી તે દંપતિ વિસ્મય પામ્યાં અને બોલ્યા કે 'આ શું?' ગુણવતી પરમ સતી હતી, પતિપરાયણ હતી, જયણાથી પોતાના ઘરનું કામકાજ કરતી હતી અને અનેક પ્રકારના વ્રત પચ્ચખખાણ કરતી હતી.

ગર્ભ દિનપ્રતિદિન વધતો ગયો અને સવા નવ માસે તે બાઇને પુત્રરત્ન અવતર્યું. તેથી તે દંપતી બહુ ખુશી થયા. ગરીબોને દાન આપવા લાગ્યા. ઠામ ઠામ દેવાલયોમાં પૂજા આંગી કરાવવા લાગ્યા. પુત્ર દિવસે દિવસે વધવા લાગ્યો. ચંદ્રમાની પેઠે તેનું શરીર ખીલતું ગયું. માબાપે તથા સગાં સ્નેહીઓએ મળી તેનું નામ પ્રબોધચંદ્ર પાડ્યું. ઉમર થતાં તેને વિદ્યા ભણવા નિશાળે મૂક્યો. દશ વરસની ઉમરમાં સર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિદ્યા સંપાદન કરી. પૂર્વ ભવના શુભ કર્મના યોગે તેનું મન આ અસાર સંસાર ઉપરથી ઉઠી ગયું, તેથી કોઇ જ્ઞાની ગુરૂ પાસે ચારિત્ર લેવાનો તેણે સંકલ્પ કર્યો.

એક દિવસ પ્રબોધચંદ્ર પોતાના માતાપિતા પાસે આજ્ઞા માગવાને ગયો. તે બોલ્યો 'હે મારા પાલણહાર! હું ઉભય હસ્ત જોડીને આપને નમન કરી અરજ કરૂં છું કે મને આ અસાર સંસારમાં બીલકુલ ચેન પડતું નથી. મારૂં દીલ હમેશાં શ્રી વીતરાગના ધર્મ પ્રત્યે લાગેલું છે. આ બધો સંસાર મને ઝાંઝવાના જળ જેવો ભાસે છે; માટે મારા દેહનું કલ્યાણ કરવા સારૂ મને ચારિત્ર લેવાની આજ્ઞા આપશો.' ત્યારે તેની માતા બોલી 'હે પુત્ર! તારા જેવું અમૂલ્ય પુત્રરત્ન મને સાંપડયું તે શું ચારિત્ર લેવા માટે? હે પુત્ર! ગૃહસ્થાશ્રમ ભોગવ્યા પૂર્વે–અમારા લાડ કોડનો લ્હાવો લેવરાવ્યા પૂર્વે તું ચારિત્ર લે તે અમારાથી કેમ સહન થઇ શકે? કારણ કે તું અમારો રક્ષક છું, અમારા મનોરથો પૂર્ણ કરનારો છું, માટે અમારી ઇચ્છા વગર તારાથી ચારિત્ર લેવાય નહિ. અમે જાણતા હતા કે પુત્ર મોટો થઇ અમારૂં પાલણ પોષણ કરશે, પિતૃઋણ આપીને અમને તારશે અને અમને નરકમાં પડતા અટકાવશે, લોકસમુદાયમાં આવા સકળ ગુણજાણ પુત્રથી અમારી કીર્તિમાં વધારો થશે. એ આનંદ ભોગવવાનો હજી પ્રારંભ થાય છે ત્યાં તું ચારિત્ર લેવાની વાત કરે છે એ અગ્નિમાં ઘી નાખવા જેવું કરે છે'

માતાનાં આવાં વચન સાંભળી પ્રબોધચંદ્ર બોલ્યો, 'હે જનની! આ દેહનો ભરોસો નથી માટે ધર્મનું સેવન કરવું એ ડાહ્યા મનુષ્યનું કર્તવ્ય છે. આ દુઃખરૂપી સંસારમાં માતા કોણ અને પુત્ર કોણ! માટે હે જનની! તું મારી માતા છે અને હું તારો પુત્ર છું એવો વિચાર મનમાંથી કાઢી નાખ. પૂર્વ ભવમાં તારા મનની ભાવના મારે ત્યાં જ્ઞાની પુત્રની પ્રાપ્તિ થાય એવી હતી તે મુજબ મેં તારી કૂખે અવતાર ધર્યો. પૂર્વના કર્મ સંયોગે આ સંસારમાં એકબીજાની લેણાદેવી લેવા દેવા માટે આપણે આવી મળ્યા છીએ. તું જાણે છે કે મારો પુત્ર મોટો થાય છે, પણ દિવસે દિવસે મારા આયુષ્યમાં ઘટાડો થતો જઇ ઉમરમાં ઓછો થતો જાઉં છું. સૂર્ય ઉગે છે, તપે છે અને અસ્ત પામે છે તે પ્રમાણે આ નાશવંત દેહનું પણ છે. હે માતા! આ શરીરનો ભરોસો નથી, તે પાણીના પરપોટા જેવું છે, તેને પડતાં વાર લાગતી નથી, આયુષ્ય ક્ષણમાં લોપ થાય તેવું છે, જગતમાં કોઇ અમર નથી અને કોઇ સ્થિર પણ નથી. હું આ સંસારની લીલામાં આખી ઉમર કાઢી નાંખું, તોપણ તારી કે મારી મનકામના પૂર્ણ થવાની નથી. જીવને વારંવાર મનુષ્યદેહ પ્રાપ્ત થતો નથી. ગઇ કાલે હું નાનો બાળક હતો, આજે મોટો થઈ ગયો છુ. કયારે મોટો થયો? કેવી રીતે મોટો થયો? તેનું તને જ્ઞાન પણ નથી. આ જગતમાં કોઈ અમર નથી, અમર તો તેજ છે કે જેણે પોતાના આત્માનું કલ્યાણ કરવાનાં સાધન રૂપ અમૃત પીધું છે."

પુત્રના આવાં વચન સાંભળી ગુણવતી દીન વચને બોલી 'હે પુત્ર! તેં સંસારનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લ્હાવો લીધો નથી તે લે અને પછી તારીજ સાથે અમારૂં પણ કલ્યાણ કરી કલ્યાણને માર્ગે ચઢ અને ચઢાવ.'

પુત્ર બોલ્યો ' હે જનની ! મને કહે, સંસાર એટલે શું ? સંસાર એટલે અજ્ઞાત સ્વપ્ન કે કંઈ અન્ય છે ? પણ જેમ ઉંઘમાં આવેલું સ્વપ્ન જાગૃતપણામાં નાશ પામે છે તેમ હે માતા ! સ્વપ્નરૂપ આ સંસાર પણ નામ રૂપ રહીત જાગૃતાવસ્થા ( જ્ઞાનાવસ્થા ) પ્રાપ્ત થતાં નાશ પામી જાય છે, એટલે સંસાર ભોગવવા મને તું કહે છે, ને તેમાં કલ્યાણ માને છે, શી વિપરીત મતિ ? પણ હે જનની ! આયુષ્ય અસ્થિર છે, તેમાં જીવે તત્ત્વોપદેશ ગ્રહણ કરીને પરમ કલ્યાણ પામવા માટે પ્રયત્ન કરવો જોઈએ, સંસાર ભોગવવા માટે નહિ. મારાએ અનેક જન્મો થયા છે, ને તારાએ અનેક જન્મો થયા છે. ત્યાં તું માતાએ નહોતી અને હું પુત્રે નહોતો. અનેક પુત્રોનું સુખ તેં અનુભવ્યું છે, ને અનેક માતાનાં લાડ મેં પણ ભોગવ્યા છે. તેમાંના એકે પુત્રનું તને આજે સ્મરણ નથી, તેમ તેનો મોહ પણ નથી. તેં જેમ તેઓનો મોહ તજી દીધો છે તેવોજ મારા પ્રતિ પણ વિરામ ધારણ કર ને તારા આત્માનું કલ્યાણ કરી લે. આ જન્મે તારા સંકલ્પનો નાશ કરીને સ્વસ્વરૂપનું અનુસંધાન કરી પરમ સુખને પામ. યુક્ત એવા કર્મફળનો ત્યાગ કરી નૈષ્ઠિક બનીને શાંતિને પામ પણ જે અયુક્ત છે તેની કામનાથી બંધનમાં પડ નહિ. તું યુકત રીતે સર્વ કર્મનો ત્યાગ કરીને અભ્યાસ તથા વૈરાગ્યથી ચિત્તનો નિરોધ કર, વાસનાનો ક્ષય કર, આ પ્રપંચ મિથ્યા છે, તેનું મિથ્યાપણું જાણીને તારા આત્માને સાધ્યમાં તત્પર રાખ; ને માત્ર મારા પ્રતિની નહિ, પણ આ લોક ને દેવલોકની પણ સર્વ વાસનાને તજી દે. પૂર્વ જન્મમાં તારી જે જે શુદ્ધ ભાવનાઓ બંધાઇ રહેલી છે, તેના પર જ્ઞાનામૃતનું સિંચન કરીને પવિત્રતાને પુષ્ટ કર, નવપલ્લવિત કર ને તારા આત્માનું સાર્થક કરી લે.

વીર પરમાત્માએ ત્રિશલા રાણીના ઉદરથી જન્મ ધારણ કર્યો તે ત્રિશલાદેવી તથા સિદ્ધાર્થ રાજાની જન્મ જન્માંતરની શુદ્ધ ભાવનાને લીધે. ધન્ય છે એ નાવરૂપ વીર પરમાત્માને કે પોતે આ સંસારથી તરી જઈ પોતાના માતપિતાને તારી આખા જગતનો ઉદ્ધાર કર્યો. તેમ હે માતા! મેં તારી કુખે અવતાર લીધો તે તારી અનેક જન્મની શુદ્ધ ભાવનાનું ફળ છે. માટે આ જગતમાં જે સર્વ પદાર્થ છે તે નાશવંત જાણી તેના ઉપરથી મોહ ઉતારી નાંખી તું તારા આત્માનું કલ્યાણ કરી લે.

વળી હે જનની ! કર્ણવડે વીતરાગનાં વચન સાંભળ, નેત્રોવડે વીતરાગની પ્રતિમાના ભાવથી દર્શન કર અને પગવડે તીર્થયાત્રા કરી તારા દેહને પાવન કર; અને મનનો સર્વ વાસનાને ફગાવે કરી શ્રી અરિહંતના ધ્યાનમાં મગ્ન રહે, જે સારૂં કામ કરવાનું હોય તે તુરતમાંજ કરી લેવું; કારણકે મુલતવી રાખવાથી તેનાં માઠાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફળ થાય છે. પલપલમાં મનની વાસના બદલાઈ જાય છે. તે ઉપર એક દૃષ્ટાંત કહું છું તે તું ચિત્ત દઈને સાંભળ:—

ભદ્રાવતી નામે નગરીમાં **રત્નસિંહ** નામે એક રાજા હતો. તે જૈનધર્મ પાળતો હતો. તેના રાજ્યમાં કોઈ પણ જીવની હિંસા કરવાની મનાઈ હતી. એક કીડી સરખી પણ પોતાનું જીવન નિર્ભયપણાથી ગાળતી હતી. અનાથ અને અપંગ લોકોને અન્નદાન તથા વસ્ત્રદાન આપી તે સંતોષતો. હમેશાં સદ્‌ગુરૂના મુખથી શાસ્ત્રશ્રવણ કરતો, ભાવ સહીત પ્રભુની પૂજા કરતો, લાખો જીવોને હમેશાં અભયદાન આપતો. આવા સત્કર્મથી તેની કીર્ત્તિ દુનિયામાં સર્વ ઠેકાણે પ્રસરવા લાગી અને ધર્મરાજા તરીકે તે ઓળખાવા લાગ્યો. વૃદ્ધવય થતાં–તેનું અવસાન આવવાનો વખત નજીક આવતાં સગા સહોદરને તથા નોકર ચાકરને ચેતાવ્યા કે 'મારાં સત્કર્મો તથા શુદ્ધ વાસનાના પ્રભાવથી હું દેવલોકમાં જઇશ, પણ મૃત્યુ સમયે જો મારી વાસના શુદ્ધ હશે તોજ સદ્‌ગતિ પામીશ અને જો હું સદ્‌ગતિ પામીશ તો આકાશમાં દેવ દુંદુભી વાગશે. તો તમે જાણજો કે રાજા સદ્‌ગતિને પામ્યા છે. જો દેવદુંદુભી ન વાગે તો મૃત્યુ વખતની ખરાબ વાસનાના યોગે મારી અસદ્‌ગતિ થઇ છે એમ જાણજો.' આ-ટલું કહેતાંજ રાજાએ પ્રાણ છોડ્યા, પણ દેવદુંદુભી વાગી નહિ. ત્યારે સૌ વિચા-રમાં પડયા કે રાજાને અસદ્‌ગતિ પ્રાપ્ત થઇ માટે આપણે તેનો ઉદ્ધાર કરવો જોઇએ.

એકદા તે નગરમાં કોઇ જ્ઞાની આચાર્યનું પધારવું થયું, ત્યારે રાજાના મંત્રી વિગેરે તેને વાંદવા ગયા, વિધિસર વાંદીને અરજ કરી કે 'હે દયાળુ! અમારા રાજા અમને કહેતા હતા કે મારૂં અવસાન થશે ત્યારે દેવદુંદુભી વાગશે, પણ તેણે પ્રાણ છોડયા તે વખતે દેવદુંદુભી વાગી નહિ, માટે તેના કહેવા મુજબ તે અસદ્‌ગતિને પામ્યા જણાય છે, માટે તેનો ઉદ્ધાર થાય તેવો રસ્તો બતાવો.'

આચાર્ય બહુ વિદ્વાન્ અને શાસ્ત્રના જાણ હતા, તેમણે જ્ઞાનવડે જોયું તો જણાયું કે પ્રાણ છોડતી વખતે તે રાજાની વાસના બદલાઇ જવાથી તેને અન્ય જાતિમાં દેહ ધરવો પડ્યો છે. આ ઉપરથી આચાર્ય બોલ્યા, 'હે ભવ્યજીવો! તમારા રાજાની વાસના પ્રાણ છોડતી વખતે સામેની બોરડીના પેલા મોટાં પાકા બોર ખાવાની થઈ, તેથી તેની સદ્‌ગતિ ન થતાં ઇયળ રૂપે તે બોરમાં તેને દેહ ધારણ કરવો પડ્યો છે. આવતી કાલે તે બોરને એક કાગડો છેદીને ખાવા માંડશે, એટલે તે ઇયળનો નાશ થશે, તે વખતે દેવદુંદુભી વાગશે.' બીજે દિવસે આચાર્યના કહેવા મુજબ તે બોરને કાગડાએ ભાંગી ખાવા માંડ્યું તેની સાથે તે ઇયળનો નાશ થયો, એટલે તુરત દેવદુંદુભી વાગવા લાગી અને તે રાજાની સદ્‌ગતિ થઇ. માટે હે જનની! અંત સમયમાં વાસના શ્રી વીતરાગના ધ્યાનમાં લગાડવી, બીજે રસ્તે જવા દેવી નહિ. મને આ બાળકવયમાં ચારિત્ર લેવાની ઇચ્છા થઇ છે તે મારા પૂર્વ ભવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ની શુભ ભાવનાનું ફળ છે, માટે હે માતુશ્રી ! તું રાજી થઈ મને ચારિત્ર લેવાની આજ્ઞા આપ જેથી મારૂં ચારિત્ર મને ફળીભૂત થાય.'

પુત્રનાં આવાં બોધદાયક વચન સાંભળીને ગુણવતીએ રાજીખુશીથી ચારિત્ર લેવાની પુત્રને આજ્ઞા આપી. પછી તે પુત્રે ગુણી ગુરૂજી પાસે જઈ શુદ્ધ અંતઃકરણથી ચારિત્ર અંગીકાર કર્યું. આયુષ્ય પર્યંત શુદ્ધ ભાવથી આરાધી તેણે દેવલોકના સુખને પ્રાપ્ત કર્યું.

હે ભવ્ય જીવો ! આ સંસાર અસાર છે, માટે કાળ ઉપર ભરોસો ન રાખતાં દેહનું સાર્થક કરી લેવું એ ઉત્તમ પુરૂષનું લક્ષણ છે.

**અમીચંદ કરશનજી શેઠ.**

વીશળ હડમતીયા—( જુનાગઢ )

# સુબોધ વ્યાખ્યાન.

આ જગતમાં જે જીવો સંતોષી નથી તે જીવો લુંટારાની માફક દોડાદોડી કરી રહે છે અને ગમે તેટલું પ્રાપ્ત કરે છે તથાપિ તેઓની તૃષ્ણા સંતોષાતી નથી. અને જેને સંતોષ નથી તેને પારલૌકિક સાધન સિદ્ધ કરવાનું સ્વપ્ન પણ ક્યાંથી હોય ? તે તો લૌકિક જંજાળમાં જ અમૂલ્ય મનુષ્યદેહ એળે ગુમાવી દે છે. રળવું, વાવરવું, સંગ્રહવું, ખાવું, ખેલવું, અન્યની અધિકતા જોઈ ઇર્ષા કરવી, પોતાની અધિકતાથી અહંકાર જગાડવો, નકામો ખટરાગ જગાડી રગડવું ને રગડાવું, પ્રાપ્તપદાર્થ પર સંતોષ ન માનવો; તેમજ અપ્રાપ્યને માટે વલખાં મારવાં, અસંતોષમાં ગુંચવાઇને વધારે રગડામાં પડવું, એ આ જગતના અલ્પજ્ઞ જીવોની નિત્યની ક્રીડા છે. પણ સંતોષ વિના સુખ ક્યાં ? પુરૂષાર્થ વગર પ્રાપ્તિ ક્યાં ? સદ્ગુરૂ વિના સત્ અસત્નું જ્ઞાન ક્યાં ? અજ્ઞાની જીવનો સ્વભાવ એવો પ્રબળ હોય છે કે પ્રાપ્તિમાં તૃપ્તિ નહિ, પણ નુતન નુતન તૃષ્ણાને જાગૃત થવા દેવી ને અપ્રાપ્ય ગણાતા નાશવંત પદાર્થ પર પ્રીતિ કરી તે મેળવવાની આશા તૃષ્ણામાં મોહાંધ થઈ અધોગતિના ખાડામાં પડી તેમાંજ કૃતાર્થતા માનવી. એ આશા તૃષ્ણા કેવી ખાધરી છે તેનું સર્વને અપરોક્ષ દર્શન થયું હોય છે, છતાં પ્રાણી તેમાં તણાતા જાય છે. આશા તૃષ્ણામાં જ કૃતાર્થતા માનનારા નેતે ગોથાં ખવરાવીને એવો તો મોહિત કરી દે છે કે તે જીવ આ લોકનાં સુખને પામતો નથી, તેમજ પરલોક માટે પુણ્યપુંજનો સંગ્રહ કરી શકતો નથી.

કોઇ એક પુરૂષને દૈવયોગે સોનામહોરોથી ભરપૂર પાંચ દેગ ધનના મળ્યા. આટલાથી તૃપ્ત ન થતાં તેની તૃષ્ણા છ દેગ કરવાની થઇ. આશામાં ને આશામાં તે લોભીલાલે પોતાના સર્વ સુખનો ત્યાગ કરી મહા મહા કષ્ટે ધન મેળવી છઠ્ઠો દેગ પૂર્ણ કરવાનો પ્રયાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આરંભ્યો. ક્ષુલ્લક જીવથી કેટલી પ્રાપ્તિ થઇ શકે? જે દ્રવ્ય તેને પ્રાપ્ત થયેલું હતું તેમાંથી દાનધર્મ કરવાનું તો બાજુએ રહ્યું, પરંતુ તેનો ઉપભોગ કરવો પણ તજી દઇને તે જીવડો જે સુખ ભોગવતો હતો તેમાં પણ ઓછું કરી વિશેષ દ્રવ્ય સંગ્રહ કરવાની તૃષ્ણાથી અનેક સંકટો સહન કરવા લાગ્યો. તે લાંઘણો ખેંચે, ઘરનાં માણસોને પેટપૂર ખાવા ન આપે, અતિથિ નિર્મુખ જાય તેની પરવા પણ ન કરે–એમ છઠ્ઠો દેગ પૂર્ણ કરવાની આશામાં ચગદાયો, પણ તેનો છઠ્ઠો દેગ ભરાયો નહિ. દૈવેચ્છાથી સોનામહોરોથી ભરેલા પાંચ દેગ અને છઠ્ઠો અપૂર્ણ દેગ ચોરો ચોરી ગયા ને તે જેવો હતો તેવો નાગો ભિખારી થઇ રહ્યો. પછી તે ગયેલા ધનને માટે રડવા લાગ્યો. ત્યારે એક સુજ્ઞ મનુષ્યે કહ્યું–'અરે ઓ મૂઢ! તારી પાસે ધન હતું ત્યારે તેં નહિ કોઇને દાન દીધું, નહિ ધર્મ કીધો, નહિ પરમાર્થ કીધો, કે નહિ પોતાના સુખ માટે તે વાવર્યું; પરંતુ વિશેષ ધન મેળવવા માટે તેં તારા સર્વ સુખનો નાશ કીધો. એ ધન માર્ગના આ કાંકરા તોલનું હતું. આવા નિરૂપયોગી ધનનો નાશ થયો છે, તેમાં તને શા માટે શોક થાય છે? જે જીવ પ્રાપ્તથી તૃપ્ત નથી અને અપ્રાપ્ય માટે વલખાં મારે છે, તેની સર્વદા એજ ગતિ થાય છે. જીવને જે અનાયાસે પ્રાપ્ત થાય તેના ઉપર સંતોષ રાખવો જોઇએ.'

પૂર્વ જન્મમાં કરેલાં કર્મો જે આ જન્મમાં ફળરૂપે પ્રાપ્ત થાય છે તેજ પ્રારબ્ધ (નસીબ) છે. પૂર્વ જન્મમાં કરેલાં કર્મો આ જન્મમાં ફળરૂપે વિસ્તાર પામે છે ને પ્રત્યક્ષ થાય છે. જેવાં કર્મ તેવી બુદ્ધિ, તેવો વ્યવસાય, તેવી પ્રાપ્તિ, તેવાં ફળ અને તેવી સહાયતા મળી આવે છે. જીવને સુખ કે દુઃખ જે ઠેકાણે ભોગવવાનું હોય છે તે ઠેકાણે દોરડાથી બંધાયલા બળદની માફક તેનું ભાગ્ય બળાત્કારે ઘસડી જાય છે. પૂર્વ જન્મમાં ઉત્તમ કર્મ કરનાર ઉત્તમ ફળ મેળવે છે, અધમ કર્મ કરનાર અધમ ફળ મેળવે છે. જીવે પોતાનું પ્રારબ્ધ ઉત્તમ કરવા માટે સત્કર્મ કરવાં જોઇએ, કેમકે ક્રમે ક્રમે એજ સત્કર્મો પ્રફુલ્લિત થઇને જીવને નવાં સત્કર્મને માટે ઉત્તેજીત કરે છે. પ્રારબ્ધ વિના ફળપ્રાપ્તિ થતી નથી. દોડાદોડી કરવાથી ફળપ્રાપ્તિ થતી હોય તો શ્વાન અત્યંત દોડાદોડી કરે છે, અને વૃષભ ઘણો પુરૂષાર્થ કરે છે પણ તેને કાંઇ પણ પ્રાપ્તિ થતી નથી. વળી આ જન્મે કરેલાં સંચિત કર્મનું ફળ જીવને તેના યોગ્ય સમયેજ આવી મળે છે; માટે જીવે પ્રત્યેક ક્ષણે એવાં સત્કર્મોનો સંગ્રહ કરવો જોઇએ કે જે સંચયના પરિણામે તેને ભવિષ્યમાં ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય.

ગાડું જેમ બે ચક્ર વગર ચાલી શકતું નથી અને એક હાથે જેમ તાળી પડી શકતી નથી, તેમ પુરૂષાર્થ અને પ્રારબ્ધ વિના ફળની પ્રાપ્તિ પણ થતી નથી. જીવરૂપી એક ગાડાંને વહન કરનારાં બે ચક્ર છે. પ્રારબ્ધ અને પુરૂષાર્થ. સંસારરૂપ ગાડાંનું એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચક્રથી વહન કરી શકાતું નથી, તેના વહનમાં પ્રારબ્ધ અને પુરૂષાર્થ એ બે ચક્રની આવશ્યકતા છે; તેથી જીવે બંનેની સહાયતાથી સંસારમાર્ગ કાપવાનો છે. પુરૂષાર્થને આધારે પ્રારબ્ધ છે અને પ્રારબ્ધને આધારે પુરૂષાર્થ છે. પુરૂષાર્થ વગર પ્રારબ્ધ ફળતું નથી અને પ્રારબ્ધ વગર પુરૂષાર્થ ફળતું નથી.

જ્યાંસુધી જીવની આત્મા પરમાત્મામાં સંપૂર્ણ એકવૃત્તિ થઈ નથી ત્યાંસુધી જીવને કર્મ ચોંટેલાં રહે છે, કર્મ અને ઉપાસના કરતાં કરતાં જ્યાં સુધી જીવની વાસના સત્ ચિત્ત આનંદમય થાય નહીં ત્યાં સુધી જીવે કર્મ કરવાનાં છે અને તે કર્મનાં ભોગ પણ ભોગવવાનાં છે; એટલા માટે જીવે નિત્ય એવાં કર્મનો સંચય કરવો કે તે કર્મ તેને નિજાનંદના સ્થાન પ્રતિ લઈ જવામાં સહાયભૂત થાય. કર્મ અને ઉપાસનાથીજ જીવને અધિકાર પ્રાપ્ત થાય છે, અધિકાર પ્રાપ્ત થયા વિના જ્ઞાન માર્ગ તરફ દોડી ગયેલા જીવો અતોભ્રષ્ટ—તતોભ્રષ્ટ થઈ પડે છે. જે જીવને ઇષ્ટ પ્રાપ્તિની કામના છે તેણે ધીમે ધીમે કર્મને ગૌણ કરી ઉપાસનાને પ્રાધાન્યપદ આપવું. જ્યાં સુધી જીવ એકલા કર્મના ખટાટોપમાં આથડ્યા કરે છે ત્યાં સુધી મુક્તિના દ્વારનું તેને દર્શન પણ થતું નથી. જેમ શરીરસંપત્તિ સંપાદન કરવા માટે પ્રથમ રેચ આપવામાં આવે છે તેજ પ્રમાણે પરમાનંદસંપત્તિ સંપાદન કરવા માટે કર્મ એ રેચને સ્થાને છે. નિરોગી શરીર કરવા માટે જેમ રોગનાશક ઔષધ આપવામાં આવે છે, તેમ પરમાનંદસંપત્તિ પ્રાપ્ત કરવાનું રોગનાશક અર્થાત્ સંસારના ક્લેશ અને ખટ્રાગનો નાશ કરાવનાર ને સ્થિરતા પ્રાપ્ત કરાવનાર ધર્મ–કર્ત્તવ્ય તે ઉપાસના છે. શરીરમાં જો અશક્તિ પ્રાપ્ત થઈ હોય તો તે દૂર કરી કંચન જેવું શરીર કરવાને વસંતમાલતિ, ચંદ્રોદય આદિ જેમ ઔષધો છે, તેમ પરમાનંદસંપત્તિ સંપાદન કરવાને જ્ઞાનરૂપી ઔષધ લેવું જોઇએ. એકલા કર્મના ખટાટોપમાં પડેલા જીવને સત્‌ની પ્રાપ્તિ થઇ શકતી નથી. જેમ માત્ર રેચ લીધેલો મનુષ્ય શરીરસંપત્તિવાળો થઈ શકતો નથી તેમજ માત્ર કર્મમાં પરમાનંદ માનનાર જ્ઞાનમાર્ગ પ્રતિ જઈ શકતો નથી. જીવે કર્મ એવાં કરવાં કે જે કર્મના સંચયથી ઉત્તરોત્તર પ્રાપ્ત થતા જન્મમાં તે હોમા પક્ષીની માફક ઉંચો ને ઉંચો વધ્યો જાય. જેમ જેમ તે ઉંચો ચડતો જશે તેમ તેમ તેની વાસનાઓ નિર્લેપ થતી જશે. સંસારના ખટ્રાગ ને જગત્‌ની જાળથી અતિ દૂર થતો જશે. દૈવવશાત્ તેના અંતઃકરણના કોઈ ખુણામાં રહેલી તે વાસનાનું બળ જોરાવર થઇ તેને નીચે પાડવાનો પ્રયત્ન કરશે, તો પણ જેમ હોમા પક્ષીનાં બચ્ચાં પૃથ્વીને અડતાં પૂર્વે સજીવન થઇ પુનઃ ઉંચે ઉડી જાય છે તેમજ અધિકારી બનેલો જીવ વાસનામાં પાછો રગડાયા પૂર્વે સંસારથી મુક્ત થઈ ઉંચેજ રહી જશે. આવા ઉંચ સ્થાનને પામવા ઇચ્છતા જીવને માટે ઘટિત છે કે કોઈને ઉદ્વેગ ન કરાવવો, પુણ્ય કર્મનું સેવન કરવું, પાપકર્મથી નિર્દોષ રહેવું,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભોગની અપેક્ષા ન કરવી, મન વાણી અને કર્મવડે સત્પુરૂષનો સમાગમ કરવો, નિર્દોષ અંતઃકરણ રાખવું, સદ્‌ગુરૂનો આશ્રય કરવો, અને તેમની વાણીનું તાત્પર્ય ગ્રહણ કરવું, જગતને સ્વપ્ન તુલ્ય જોવો. જીવે જાણવું કે હું કર્તવ્ય ભોક્તવ્ય રહિત છું, બાધ્ય બાધક રહિત છું, સુખ દુઃખ કર્મવડે આવે છે અને જાય છે, વિષયભોગો દાવાનળ રૂપ છે–સંયોગ વિયોગને માટે છે, સંપત્તિ પરમ આપત્તિ છે, જે જીવ લોકવાસના–દેહવાસનાનો ત્યાગ કરી સર્વ ભ્રાંતિને દૂર કરી શ્રી વીતરાગે ભાષેલા ધર્મને તેના સાત્વિક સ્વરૂપમાં હૃદયવિષે ધારણ કરે છે, તે નિત્ય, શુદ્ધ, મુક્ત, વિશુદ્ધ અદ્વૈતને પહોંચી પરમ સુખ પ્રાપ્ત કરે છે.

જીવે વિશ્વના 'અહમ્'નો ત્યાગ કરવો જોઇએ. વિષયમાત્રથી વૈરાગ્ય કરવો જોઇએ, જેનાં કર્મોનો સંગ્રહ પુણ્યના પુંજરૂપ છે તેજ જીવ આ સ્થિતિને પ્રાપ્ત કરવાનો અધિકારી બને છે.

એક મુનિરાજ કોઇ ગૃહસ્થને ઘેર ગોચરીએ પધાર્યા. ગૃહસ્થની સ્ત્રી બહુ સુશીલ અને વિનયવંત હતી. મુનિરાજનું આવાગમન થતાં તે બાઈ શુદ્ધ ભાવથી આહાર વહોરાવવાને આવી; પણ વહોરાવતી વખતે દૈવયોગે તે બાઇએ પકડેલું પાત્ર મુનિરાજના પાત્રની સાથે અથડાયું. તેથી મુનિરાજના અંગમાં ક્રોધે પ્રવેશ કર્યો અને બોલ્યા:–" અરે બાઈ ! તેં બુરૂં કર્યું, મારા ચારિત્રનો ભંગ કર્યો, સાધુ પ્રત્યે શ્રાવકે કેવી રીતિ રાખવી જોઇએ તે તમે જાણતા નથી, કેમ વહોરાવવું તેની ખબર નથી, અમારે આળવણ લેવી પડશે. " એવાં અનેક વચનો કહ્યાં. પણ તે સ્ત્રી કાંઇ બોલી નહિ અને હાથ જોડી ઉભી રહીને ગુરૂને કહેવા લાગી:–' હે દયાળુ ! માફ કરો, મારામાં ભૂલ પડી. ' ગુરૂ ત્યાંથી આશ્રમમાં ગયા. આહાર કર્યા પછી તેનો ક્રોધ શાંત થયો, ત્યારે વિચારવા લાગ્યા કે ' મેં તે સ્ત્રીને અઘટિત વચન કહ્યાં પણ તે સ્ત્રી હાથ જોડીને ઉભી રહી, ધૂળ પડી મારા ચારિત્રને કે મેં તે સ્ત્રીને કડવાં વચન કહ્યાં.' આમ તે મનમાં પસ્તાવા લાગ્યા અને ક્રોધરહિત થઇ સંપૂર્ણ તત્ત્વજ્ઞાની બની ગયા. તેના ચારિત્રનું અભિમાન ટળી ગયું. જીવને અભિમાન આડે રસ્તે દોરવી જાય છે પણ એમાંથી ચટકી લાગી જાય છે તો તત્કાળ તે જીવ નિરભિમાની બની તરી પણ જાય છે.

અમીચંદ કરશનજી શેઠ.
વીશળહડમતીઆ. ( જુનાગઢ ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# केटलाक उद्गारो.

( લેખક—ત્રીભોવનભાઇ કલ્યાણભાઇ–મુંજપુર ).

## ( ૧ )
## કાળની ગતિ.

કાળની ગતિ વિચિત્ર છે, તેનો કોઇ પાર પામી શકતું નથી. ચડતી પછી પડતી અટકાવવા--કુદરતના નિયમને અટકાવવા કોઇ સમર્થ નથી. કાળની લીલા અગમ્ય છે. સિદ્ધરાજ જેવા પરાક્રમી રાજાઓએ પોતાનું રાજ્ય ચિરસ્થાયી કરવા અનેક પ્રયત્નો કર્યા છતાં પણ તેને તારી કૃતિની ક્યાં ખબર હતી? ભલે તું તારૂં કાર્ય બજાવે પણ મનુષ્યો તો તારી સ્પૃહા રાખતા જણાતાજ નથી. કોઇએક વેળા સુગ્રીવ પોતાના બળથી પોતાની સ્ત્રીનું રક્ષણ કરી શક્યો નહોતો, કોઇએક વેળા રામ જેવા સમર્થ પુરૂષે સીતાને વનમાં ગુમાવી હતી, ને કોઇએક વેળા પાંડવો જેવા પ્રતાપી પુરૂષો પણ દ્રૌપદીનાં ચીર રખાવી શક્યા નહોતા., તેમ અર્જુન જેવા બાણાવળી પણ એકવાર લુંટારાથી લુંટાયા હતા. માટે હે કાળ! તારી ગતિ વિચિત્ર છે. એક વખત જેના પ્રહારથી પૃથ્વી પણ કંપી જતી હતી, જેની રણહાકથી શત્રુઓ પણ કંપતા હતા અને જેની ભુજાબળનો સ્વાદ ચાખતાં મહા રણધીર યોદ્ધાઓ પણ માન મૂકી નાશી જતા હતા એવા સિંહ સમાન બળિષ્ટ રાજાઓ પણ કાળના બળે અસહાય બની ગયા હતા. તેમનાં પ્રત્યેક કામ નિષ્ફળ નીવડી તે હતાશ બની ગયા હતા. ખરેખર! કાળ! તારી ગતિ વિચિત્ર છે. તારો પાર પામવા કોણ સમર્થ છે? ચડતી પડતી ચાલી આવે છે. તેમાં મનુષ્ય કાંઇપણ ફેરફાર કરવા સમર્થ નથી. તે કુદરતના નિયમાનુસાર બન્યા કરે છે. હું મોટો કિંવા પરાક્રમી યા વિદ્વાન છું, ને હુંજ સારૂં કામ કરૂં છું, એમ માની મૂર્ખ મનુષ્યો ઠગાય છે. ચડતી પછી પડતી, ભરતી પછી ઓટ અને દિવસ પછી રાત્રિ એ કુદરતનો નિયમ છે. સૂર્ય અને ચંદ્ર પણ તેજ નિયમાનુસાર વર્તે છે, તો તે કુદરત કિંવા કાળની ગતિ આગળ ક્ષુદ્ર પામર પ્રાણીઓનો હીસાબજ નથી. ખરેખર! તેની ગતિ વિચિત્રજ છે.

## ( ૨ )
## કજીઓ.

( કંકાસ કજીઓ ખોળું, જર જમીન ને જોરૂ ).

મોટાં મોટાં મહાન્ રાજ્યોની પાયમાલી કરનાર, મનુષ્યની ઉજ્વલ કીર્તિને કલંક લગાડનાર, મોટા મોટા તપસ્વીઓના તપનો ભંગ કરનાર, સ્નેહની જગ્યાએ વેર ઉત્પન્ન કરનાર અને મનુષ્યજાતિનું સત્યાનાશ વાળી તેને પાયમાલ કરનાર મુખ્યમાં મુખ્ય જર જમીન ને જોરૂ છે, ને તે કજીઆને ઉપસ્થિત થવાનાં અગત્યનાં કારણ ગણાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૩ )

## સંપ.

સંપ સર્વત્ર રાખવો જોઇએ. સ્નેહીમાં, સગામાં, કુટુંબમાં, પાડ-પાડોશીમાં-સર્વત્ર સંપ રાખવાની ખાસ અગત્ય છે. પણ તે સમભાવ સિવાય રહી શકતોજ નથી. જ્યાંસુધી પોતે, પોતાને અભિમાનથી મોટો માની સામાનો અંદરથી કિંવા બહારથી તિરસ્કાર કર્યા કરે ત્યાંસુધી સંપ કેવી રીતે રહી શકે? અને તેવા મનુષ્યની મોટાઈ પણ કેમ ટકી શકે? જ્યાં એક બીજાથી અનુકૂળ બની કાર્ય કરાય છે ત્યાં હમેશાં સંપ રહે છે. સંપ કરવાની ઈચ્છા સિવાય પણ સંપ થઇ જાય છે. અન્ય રીતે તો સંપ રહી શકતોજ નથી.

( ૪ )

## સૌન્દર્ય.

**સુંદર ખરા સૌન્દર્યને, જોઈએ નહી શૃંગાર;**
**વિના ભૂષણે શોભતો, ચંદ્ર નભે નિર્ધાર.**

મનની સુન્દરતા સદ્દગુણ છે. ફક્ત ઉપરના તન સૌન્દર્યને લીધે જે સ્ત્રી કિંવા પુરૂષો એક બીજા પર પ્રેમ રાખે છે તે પ્રેમ ખરો શુદ્ધ પ્રેમ નથીજ, પણ એક જાતનું બાહ્યાડંબર છે; પરંતુ જે મનસૌન્દર્યને લીધે એક બીજાને ચાહે છે તે પ્રેમ વિશુદ્ધ છે. માટે મનસૌન્દર્ય વિના એકલું તનસૌન્દર્ય નકામું છે. ને મનસૌન્દર્યને લઈનેજ પ્રેમનું પોષણ થાય છે.

( ૫ )

## પ્રેમ.

અહો! પ્રેમ તારી તો બલિહારીજ છે. તારો પ્રતાપ અગાધ અને પ્રચંડ છે. પ્રેમપાવક જ્યારે પ્રજળી ઉઠે છે ત્યારે તેની શિખા બ્રહ્માંડ પર્યંત પહોંચી જાય છે. આ સૃષ્ટિનું ઉપાદાન કારણ પણ તુંજ છે, સ્થિતિ ને બળનું કારણ પણ તુંજ છે. હે સર્વવ્યાપી પ્રેમ! તારી હસ્તી તેજ સૃષ્ટિની હસ્તી છે. ભ્રમર કમળના સંબંધથી પ્રાણ ત્યાગે છે તે પણ પ્રેમથીજ. હરિણ સંગીતથી મોહપાસમાં બંધાઇ પારાધીના હાથે હણાય છે તે પણ પ્રેમથી. નવ નવ માસ સુધી બાળકને ઉદરમાં ધારણ કરી માતા મહા કષ્ટ ભોગવે છે, ને ત્યારબાદ નિર્બળ અને સબળ અવસ્થામાં જેવી ને તેવીજ વાત્સલ્યતા બતાવે છે તે પણ પ્રેમથીજ. અહો! પ્રેમ તારૂં વર્ણન શું કરૂં? જન્મ મરણનો ફેરો ટાળનાર પણ તુંજ છે. નર્કની નદીમાં હડસેલી દેનાર પણ તુંજ છે. ઇશ્વરને ઓળખાવનાર પણ તુંજ છે. ને તેનાથી દૂર રખાવનાર પણ તુંજ છે. ભારતકુળના ભૂષણ ભીષ્મપિતાએ ભીષ્મ પ્રતિજ્ઞા કરી રાજ્યત્યાગનો સ્વીકાર કર્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે પણ પિતા તરફના અનિવાર્ય પ્રેમથીજ. રજપુતકુળભાનુ મહારાણા પ્રતાપી પ્રતાપે વગડે વગડે રખડી અસહ્ય આપદા માથે વહોરી લઈ નિષ્કલંક કીર્તિધ્વજ ફરકાવ્યો તે પણ સ્વદેશના પ્રેમથીજ. સંયુક્તાના અથાગ સ્નેહથી ચૌહાણવંશનો મહાન રાજા પૃથુરાજ પતન થયો તે પણ પ્રેમથીજ. સારસ્વતિચંદ્રને સંસારસુખનો ત્યાગ કરાવી સન્યસ્ત લેવરાવનાર પણ પ્રેમજ, અને કુસુદને સતિ પતિવ્રતાની લાઈનમાંથી ઉતારી નાંખનાર ને મર્મવિદારક ભસ્મનો લેટો કરાવનાર પણ પ્રેમજ. પ્રેમનું સ્વરૂપ અલૌકિક છે. પ્રેમવૃક્ષનાં મૂળ ઘણાંજ ઉંડા છે. પ્રેમનું બંધન વજ્રની બેડીથી પણ મજબુત અને અગાધ છે. પ્રેમનો પ્રચાર અનેક પ્રકારે છે. પ્રેમનું સ્વરૂપ ચીતરવા વિશ્વકર્માની પીંછી નિર્બળ છે. કવિની કથા પણ પ્રેમના પૂર્ણ સ્વરૂપ પાસે લાચાર છે, તો આ લેખક લાચાર બને તેમાં નવાઈ નથીજ.

( ૬ )

## વાણી.

વાણી એ એક જાતનું વશીકરણ છે. મનુષ્યવાણીથી પોતાના પારકા બને છે ને પારકા પોતાના બને છે; સ્નેહી શત્રુ બને છે ને શત્રુ સ્નેહી બને છે; વિદ્વાન્ અવિદ્વાન્ ગણાય છે ને અવિદ્વાન્ વિદ્વાન ગણાય છે; શાન્ત ઉગ્ર બને છે અને ઉગ્ર શાન્ત થાય છે; શૂરા કાયર બને છે ને કાયર શૂરા બને છે; દુર્ગુણી સદ્ગુણી થાય છે ને સદ્ગુણી દુર્ગુણી થાય છે; સાનુકૂળ પ્રતિકૂળ થાય છે ને પ્રતિકૂળ સાનુકૂળ બને છે; નિર્દોષ સદોષ લાગે છે ને સદોષ નિર્દોષ લાગે છે; સત્ય અસત્ય લાગે છે ને અસત્ય સત્ય લાગે છે. એમ ઘણુાજ ઉલટા સુલટી બનાવો વાણીરૂપી વશીકરણથી બની શકે છે. અહો વાણી ! તારે માટે એક કવિએ કહેલું ખરૂંજ છે કે—

**ન કાચની કોઠી મટેજ કાણી,**
**વિચારીને યાર ઉચ્ચાર વાણી.**

યાદ રાખવું કે–વાણી એજ ખરેખરૂં વશીકરણ છે.

( ૭ )

## લક્ષ્મી.

તપસ્વીઓના તપનો ભંગ કરાવનાર, મુનિઓના માન મૂકાવનાર, યોગીઓના યોગનો ભંગ કરાવનાર અને સત્યવાદીઓના સત્યને છોડાવી નીચું જોવડાવનાર ચપળા લક્ષ્મી ! તું એકજ છું. તારી દ્રષ્ટિમાંજ કોઇ એવું અલૌકિક રહસ્ય અને વશીકરણ ભરેલું છે કે–તારી ઝાંખી કરતાંજ ગમે તેવો સદ્ગુણી પુરૂષ પણ એકદમ અંધ બની જાય છે. ઓ ચપળા લક્ષ્મી ! તારી કૃતી ખરેખર અલૌકિકજ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૮)

## શું થયું ?

મોટાઇ મોટી મેળવી, મોટા ગણાયા વિશ્વમાં;
મોટું ન રાખ્યું મન પછી, મોટાઇ રાખે શું થયું ? ૧
ઉપરનો આડંબર કરી, વાણી વદે સાકર ધરી;
ભોળાં ફસાવી કઇકને, સાધુ થવાથી શું થયું ? ૨
પંડિત બની નિજપુત્ર કે, પર શિષ્યનેજ પઢાવતા;
નિજ ભૂલનું નહિ ભૂલ તો, પંડિત બનેથી શું થયું ? ૩
ગરજ સુધી સાથે રહે, સરતાં અલગ થાતા પછી;
નિમકહરામી મનુષ્ય એવા, હોય નહિ તો શું થયું ? ૪

(૯)

## શિયલ.

શિયલ એ એક પુરૂષની મોટામાં મોટી શક્તિ છે, ને સ્ત્રીઓનું મોટામાં મોટું આભૂષણ છે. તેના સંબંધમાં માળવાના પ્રતાપી જગવિખ્યાત મહારાજા ભર્તૃહરીએ કહેલું છે કે—

ऐश्वर्यस्य विभूषणं सुजनता शौर्यस्य वाक्संयमो ।
ज्ञानस्योपशमः श्रुतस्य विनयो वित्तस्य पात्रे व्ययः ॥
अक्रोधस्तपसा क्षमा प्रभवितुर्धर्मस्य निर्व्याजता ।
सर्वेषामपि सर्वकारणमिदं शिलं परं भूषणं ॥ १ ॥

**અર્થ**—ઐશ્વર્યનું ભૂષણ સૌજન્ય, શૌર્યનું વચોનિગ્રહ, જ્ઞાનનું ઉપશમ, શ્રુતનું વિનય, વિત્તનું સુપાત્ર દાન, તપનું અક્રોધ, સામર્થ્યનું ક્ષમા, ધર્મનું નિષ્કપટભાવ અને આ સર્વનું મુખ્ય કારણ રૂપ પરમ ભૂષણ શિયલ છે.

અહા શીલ ! તારી શીતળ છાયામાં જેઓ આરામ લેતા નથી તેઓ જગતમાં જન્મ્યા ન જન્મ્યા જેવાજ છે. પૂર્વના મહાત્માઓએ જેને માટે મુક્તકંઠે અસાધારણ વર્ણન કરેલું છે એવા શીલની સુગંધીથી જેઓ સુગંધિત થયા નથી, તેઓ રમણિય છતાં અરમણિયજ છે. શીલની તેજસ્વી પ્રભા જેમના અંતરમાં પ્રસરી નથી, તેઓ સદા અંધકારમાંજ આથડે છે. અહા શીલ ! તારી બલિહારી અલૌકિક છે, તારી ઉપાસના કરતાં માણસને કામકુંભ કે કલ્પવૃક્ષની જરૂર પડતી નથી. અહો કેવો મહાન્ સદ્ગુણ ! કેવો એનો મહિમા ! શી એની શીતળતા ! શીળ એ એક ઉત્તમ વશીકરણજ છે. શિયલના પ્રભાવથી **સુદર્શન શેઠ** જેવાને શૂળીનું સિંહાસન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થની ગણું હતું, મહા પ્રતાપી ભીષ્મ પણ એ શીલની ભીષ્મ પ્રતિજ્ઞાથીજ પોતાનું નામ અમર કરી ગયા છે. સતિઓ કહેવાતી સ્ત્રીઓનાં નામ પણ તેથીજ અમર થતા આવ્યાં છે. શીલરૂપી સુધાકુંડમાં સ્નાન કરતાં પરમ પવિત્રતા આવે છે. જગતમાં સુખ દુઃખરૂપી વાદળો કોના શિરે ઉપર ફરી વળ્યાં નથી ? પણ જેઓના પવિત્ર હૃદયમાં શીલ મહામંત્રનો જાપ સદા જાગૃત રહેલ છે તે મનુષ્યનેજ ધન્ય છે. સંકટમાં પણ પોતાના શરીર કીંવા કિંમતી શણગારો કરતાં આંતરિક ભૂષણ શિયળને મલિન થવા ન દેવું એજ ઉત્તમતા છે, ને એમાંજ શ્રેષ્ઠતા છે. શિયલમાં સર્વ ગુણોનો સમાવેશ થાય છે. શિયળભંગ કરનાર સ્ત્રી પુરૂષોને કોઇક વખતે અકાળે મૃત્યુને શરણ થવું પડે છે, ને તે જીવ નરકમાં જઈ અનંતા દુઃખ ભોગવે છે. તેના દાખલાઓ વાંચકોને જાણીતા હોવાથી જણાવવાની જરૂર નથી. પરમાત્મા પાસે સદ્બુદ્ધિથી સુજ્ઞ વાંચકોએ હમેશ એજ માગણી કરવી કે પ્રભો ! એવું બળ આપ કે અમો એ શીલ શૈલ્યના શિખર પર નિર્વિઘ્ને વિહાર કરી, એ શીતળ લહરીઓનો અનુભવ મેળવી પરમ આનંદ પામીએ.

## हितशिक्षाना रासनुं रहस्य.

( અનુસંધાન પૃષ્ટ ૨૨૨ થી )

ગૃહસ્થને ઘેર ભોજનનો અવસર જોઈને કોઈ અતિથિ ( યાચક વિગેરે ) આવ્યો હોય તો તેને આપ્યા કે જમાડ્યા સિવાય જો ગૃહસ્થ જમે તો તે ઘણું હારી ગયો એમ સમજવું. એક સ્ત્રી પોતાની સખીને કહે છે કેઃ—

સખી એ બાવન અક્ષરા, ભણ્યો ઇકાવન કંત;
એક દદો બાહિર ગયો, તેહ ઝખંત ઝખંત. ૧
ગજજવિ ઘોર લટક્ક કરી, કજજળ સમ મુહપન્ન;
એણીપરે બપિહાયકું, ઝલો તે જળહર દિન્ન. ૨
થોડું દાન સોહામણું, જે દીજે હરખેણ;
પછી કાળવિલંબ વડે, શું કીજે સહસેણ. ૩
દાન સંવત્સરી જિન દિયે, મિલે પુરૂષ કરી આશ;
જિન વરસે તિહાં મેઘપરે, કોઇ ન જાય નિરાશ. ૪
તુંગિયાનગરી શ્રાવક ભલા, અભંગદુવાર કહાય;
ઉત્તમ મધ્યમ સહુ દિયે, દેતાં નવિ શંકાય. ૫
રાયપસેણી કેશી ગણધર, વાંચી પરદેશી રાય;
પહેલું રમણિક થઇ કરી, પછે અરમણિક મ થાય. ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" હે સખી ! અક્ષરો બધા મળીને બાવન છે, તેમાં મારો સ્વામી ૫૧ અક્ષર ભણ્યો છે, એક દદ્દો બહાર રહી ગયો છે-તે ભણ્યો નથી; એટલે કે દઇ જાણતો નથી, તેથી તે દદ્દો ઝંખ્યા કરે છે. યાચકની ઉપર પહેલો ગર્જારવ કરી, પછી ત્રટકી-ત્રાટકો કરી, કાજળની જેવું કાળું મોઢું કરી પાણીની તૃષાવાળા બપૈયાને આપવું-તેવું જળધરની જેવું આપવું બન્યું, અર્થાત્ તેવી રીતે આપવું નિરર્થક છે. થોડું દાન પણ જો હર્ષથી આપવામાં આવે તો તે સુંદર છે, પછી કાળવિલંબ કરીને ગમે તેટલું આપવામાં આવે તો તે શા કામનું છે ? દાન તો જિનેશ્વર એક વર્ષ પર્યંત આપે છે તેજ પ્રશંસનીય છે કે જેમાં આવનાર મનુષ્યની આશા પૂર્ણ થાય છે, પ્રભુ વરસાદની જેમ વરસે છે, કોઈ નિરાશ જતું નથી. દાનના સંબંધમાં વખાણવા લાયક તુંગિયા નગરીના શ્રાવકો છે કે જેના દ્વારો યાચકો માટે નિરંતર અભંગ છે-ઉઘાડા છે. અને ઉત્તમ મધ્યમ જે યાચક આવે તેને આપવામાં આવે છે-શંકા લેવામાં આવતી નથી. શ્રી રાયપસેણી સૂત્રમાં કેશી ગણધરે પરદેશી રાજાને કહ્યું છે કે-' તું પ્રથમ રમણિક થયેલો છું તે હવે અરમણિક થઇશ નહીં. અર્થાત્ પ્રથમ દાનેશ્વરી હોવાથી સૌને રમણિક-પ્રિય થયેલો છું. તે હવે આવા કુપાત્રાદિકને કેમ આપું ? એવું વિચારી આપતો બંધ થવાથી અરમણિક-અપ્રિય થઇશ નહીં. દાન તો આપ્યાજ કરજે, કારણ કે દાનગુણ સર્વ ગુણુંમાં શ્રેષ્ઠ-પ્રથમ છે. "

દરેક મનુષ્યે રમણિક થવું. જમવાને વખતે જે કોઇ ભિક્ષુક વિગેરે આવેલ હોય તેને આપીને પછીજ જમવું. હૃદયમાં વિવેક ધારણ કરવો. ઘરમાં રહેલા સર્વ જીવોની ખબર લીધા પછીજ ઉત્તમ પુરૂષે જમવું. જમવાના પ્રારંભમાં દેવગુરૂ વિગેરેને તથા પોતાના સ્વામીને નમસ્કાર કરીને પછી જમવું. તે ભૂખ્યા હોય ત્યાં સુધી પોતે ન જમવું. વળી માતા, પિતા, બાળક, સગર્ભા સ્ત્રી તેને જમાડીને જમવું. તે ભૂખ્યા હોય ત્યાં સુધી ગુણીપુરૂષે ન જમવું. રોગી, સજ્જન, વૃદ્ધ અને બાળક ભૂખ્યા હોય ત્યાં સુધી કૃપાળુ મનુષ્યે ન જમવું. ઘરના દાસદાસી-નોકરચાકર તથા જનાવર સર્વની ચિંતા કર્યા પછી-સર્વની ખબર લીધા પછીજ જમવું. ગ્રહણ સમયે ન જમવું. ( સૂર્ય ગ્રહણ ને ચંદ્ર ગ્રહણનો સમય વર્જવો. )

જે માણસ ભુખ લાગે ત્યારેજ જમે છે તેને શારીરિક દુઃખ પ્રાપ્ત થતું નથી. પહેલા પહોરમાં જમવું નહીં, અને બીજો પહોર વ્યતિત થવા દેવો નહીં. પહેલા પહોરમાં જે જમે તેને અગ્નિ મંદ હોવાથી રસ વૃદ્ધિ થાય. બીજો પહોર વ્યતિત કરીને જમે તેના બળનો ક્ષય થાય. તૃષા લાગી હોય ને જમે તો ગોળો ચડે. ટાઢું અનાજ જમે તો વાયુ થાય. લઘુશંકા થઇ હોય ને તે ટાળ્યા સિવાય પાણી પીવે તો તેને ભગંદરનો વ્યાધિ થાય. અજીર્ણ થયા છતાં જમે તેને અન્ન વિષપણે પરિણમે. પરોઢીએ, સંધ્યાકાળે અથવા રાત્રે જમે તે બાળક અથવા મૂર્ખ કહેવાય. ઉત્તમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુરૂષે હાથમાં અન્ન લઇને ખાવું નહીં—પાત્રમાં લઇને ખાવું. હાથ ડાબા પગ ઉપર રાખીને ખાવું નહીં. તેમજ તડકે, અગાસે, અંધારામાં અને ઝાડ નીચે બેસીને ખાવું નહીં. ખાતાં તર્જની આંગળી ટાળવી નહીં, મ્હોઢું ને હાથ પગ ધોઇને પછી જમવું, નાગા ન જમવું, મેલું વસ્ત્ર પહેરીને ન જમવું. કેમકે નાગા જમનારના ને મેલાં વસ્ત્રો પહેરીને જમનારના ઘરમાં લક્ષ્મીનો વાસો રહેતો નથી. થાળી હાથમાં લઇને ખાવું નહીં. ભીનું વસ્ત્ર માથાપર બાંધીને ખાવું નહીં. એક વસ્ત્રે આહાર ન કરવો, અર્થાત્ બીજું વસ્ત્ર ઓઢીને કરવો. અપવિત્ર શરીરે આહાર ન કરવો.

લોલપીપણાથી, વેધ પાડીને અને પગમાં પગરખાં પહેરીને ન જમવું, એ ત્રણ મોટાં અપલક્ષણ છે. કેવળ ભૂમિપર બેસીને ન જમવું, પાટલાપર બેસીને જમવું. પૂર્વ દિશા અથવા ઉત્તર દિશા સામા પાટલો નાખી તેનાપર બેસીને જમવું. પાટલા ઉપર પગ ન મૂકવો, મેલાં, ભુંડા કે ભાંગેલા થાળ યા થાળીમાં ન જમવું. વિશાળ બુદ્ધિવાળાએ એ રીતે જમવાનું વર્જવું.

વળી ડાકણ અને માઠી નજરવાળી સ્ત્રી કે ભારે નજરવાળા પુરૂષની અને શ્વાનની દૃષ્ટિએ ન જમવું. ઋતુવંતી સ્ત્રીએ ફરસેલો આહાર ઉત્તમ પુરૂષે કરવો નહીં. પક્ષી, શ્વાન કે ગાયે સુંઘેલું અનાજ ન ખાવું. ભૂખ્યા કે પાપીની નજરે પડેલું ન ખાવું. બીજીવાર રાંધેલું—એકવાર રાંધેલું તેનું તે બીજીવાર રાંધેલું અથવા ઉષ્ણ કરેલું ન ખાવું. જમતાં શબ્દ કરવો નહીં તેમ બોલવું નહીં—અણબોલ્યા જમવું. (જમતાં જમતાં પણ મનમાં નવકાર ગણવાનો નિષેધ નથી.) સરખે આસને બેસીને સ્થિર ચિત્તે જમવું. ડગમગતાં આસનપર બેસીને ન જમવું.

સર્વ ભોજન પ્રથમ સુંઘીને પછી ખાવું, કે જેથી કોઈની દૃષ્ટિ ન લાગે. ભોજનના પ્રારંભમાં પાણી ન પીવું. પ્રારંભમાં પાણી પીવાથી અગ્નિ મંદ થઇ જાય છે. મધ્યમાં પાણી પીવું તે અમૃત સમાન કહ્યું છે, પ્રાંતે પાણી પીવું તે વિષ અથવા શિલા સમાન કહ્યું છે. આવી તે વિષયના જ્ઞાતાની વાણી છે. ખાવામાં પ્રથમ ગળી ને ચીકણી વસ્તુ ખાવી, વચ્ચે ખાટું ખારૂં ખાવું અને પ્રાંતે તીખું ને કડવું ખાવું—એ ગુણકારક કહ્યું છે.

શૂળના વ્યાધિવાળાએ વિદળ (કઠોળ) ન ખાવું. કુષ્ટિએ માંસની સામે પણ ન જોવું. જ્વરવાળાએ ઘી ન ખાવું, ઘણું પાણી ન પીવું, વિષમ આસને ન બેસવું, લઘુશંકા ને વડીશંકા દબાવી ન રાખવી, દિવસે સુવું નહીં, અને રાત્રે વધારે જાગવું નહિ. આ છ વાના જે વિપરીત કરે તે વ્યાધિનું ભાજન થાય છે.

(અહીં રાસમાં '**ગરણાં ચારે નિદ્રાશું તજે, જળ તડકો ને ભોગ નવિ ભજે;**' આ બે પદ છે તેનો અર્થ સમજાતો નથી. જે સમજી શકે તેણે અમને લખી મોકલવો. અમે પ્રકટ કરશું.)

હવે છ ઋતુ આશ્રી આહારની મુખ્યતા બતાવે છે. વર્ષા ઋતુમાં ખારૂં ખાવું, શરદ ઋતુમાં પાણી પીવું, હેમંત ઋતુમાં દુધ ખાવું, એમ કરવાથી ...

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રોગ ઉદ્દભવતો નથી. શિશિર ઋતુમાં કડવું ને ખાટું ખાવું, વસંત ઋતુમાં ઘી ખાવું અને ગ્રીષ્મ ઋતુમાં ગળ્યો પદાર્થ ખાવો તેથી રૂપ કાંતિ ને બળ વધે છે.

અતિ ઉષ્ણ ખાવાથી બળ નાશ પામે છે, અતિ ટાઢું વાયુ કરે છે, અતિ ખાટું અને અતિ ખારૂં તેજ હણે છે, અતિ કામસેવનથી જીવિત નાશ પામે છે.

હેમંત ઋતુ કામને અનુકૂળ કહેવાય છે, શિશિર ઋતુનો તડકો લાભકારક છે, વસંત ઋતુમાં વનરાજી વિકસ્વર થવાથી વનમાં ફરવા માટે જવા યોગ્ય છે, ગ્રીષ્મ ઋતુમાં જળ પીવાથી શરીરે સુખ રહે છે, વર્ષા ઋતુ ઘરમાં જ રહેવા લાયક છે, શરદ્ ઋતુમાં ગાયનું દુધ હિતકર છે. અશાડ ને શ્રાવણ માસમાં મુસાફરી ન કરવી, ભાદરવા ને આસોમાં પાણીનો [1]અભ્યાસ કરવો, કાર્તિક ને માગશરમાં મળે તો દુધ અવશ્ય પીવું, પોસ ને માહ માસમાં સારી રીતે આહાર કરવો (જમવું), ફાગણ ચૈત્રમાં વનક્રિડા કરવી અને વૈશાખ જેઠમાં સારી રીતે નિદ્રા લેવી.

હવે કર્ત્તા હરડેના ગુણ તેના અનુપાન સાથે કહે છે—ગ્રીષ્મ ઋતુમાં સરખા ભાગે ગોળ લઇ હરડે ખાવી, વર્ષા ઋતુમાં સિંધવ સાથે ખાવી, શરદ્ ઋતુમાં સાકર સાથે ખાવી, હેમંત ઋતુમાં સુંઠ સાથે ખાવી. આમ કરવાથી શરીરમાં એટલું બળ આવે છે કે તે મુઠી મારીને પથ્થર ભાંગી શકે છે. શિશિર ઋતુમાં પીપર સાથે ખાવી, તેથી રોગ માત્ર નાશ પામે છે. વસંત ઋતુમાં મધનું અનુપાન કહ્યું છે. હરડે સર્વ રોગોનો ક્ષય કરે છે. તેના ગુણ ઘણા છે. ટુંકામાં કર્ત્તા કહે છે કે–**'નહીં જનની તસ હરડે માય.'** જેને માતા ન હોય તેને હરડે માતાની ગરજ સારે છે.

અતિસારના વ્યાધિવાળાએ નવું ધાન્ય ન ખાવું, નેત્રરોગીએ મૈથુનનો ત્યાગ કરવો અને તરતની વીયાંયેલી ગાય કે ભેંસનું દૂધ ન ખાવું.

ધર્મના માર્ગે ચાલવાના ઇચ્છકે બનતા સુધી એકવાર જમવું અને તેમાં પણ નિરવદ્ય તેમજ અચિત્ત આહાર લેવો, એ પ્રમાણે ન બની શકે તો પછી પ્રભાતે નવકારશી તો અવશ્ય કરવી, સાંજે વાળુ કરીને પચ્ચખ્ખાણ કરવું, તેમાં ચારે આ-હારનો ત્યાગ કરવો; કદિ તેમ ન બની શકે તો પાણી છુટું રાખવું, પણ ત્રણ આહાર તો અવશ્ય તજવા, બનતા સુધી દરરોજ કાંઇક પણ પચ્ચખ્ખાણ કરવું, ચૌદ નિયમ દરરોજ ધારવા, અનંતકાય ને અભક્ષ્યનો અવશ્ય ત્યાગ કરવો. કારણકે અનંતકાય ને અભક્ષ્યનું ભક્ષણ કરવાથી અનંત ભવમાં ભમવું પડે છે.

બહુ બોલવું ને બહુ ખાવું એ બંને હાનિકારક છે, તેથી પ્રમાણસર બોલવું અને પરિમિત ખાવું. ચિંતાને વખતે ન જમવું, મન શાંત કરીને તે શાંત થાય ત્યારે જમવું. કારણકે ચિંતામાં ખાધેલું અમૃત પણ વિષરૂપ પરિણમે છે, વમન

૧ શું અભ્યાસ તે સમજાતું નથી. પણ શરદઋતુમાં પાણી પીવું હિતકારક છે.

For Private And Personal Use Only

કરીને એટલે વમન થયા પછી તરતમાં ન જમવું, ડાબે હાથે ન ખાવું, થાળી ઉંચી રાખીને કે નબળે આસને બેસીને ન ખાવું. દક્ષિણ દિશાને ચારે વિદિશા સામે બેસીને ન જમવું. પગ ઉપર પગ ચડાવીને ખાવા ન બેસવું, ખાતાં બચબચ શબ્દ મોઢેથી ન કરવો, વાંકી ચુંકી ભુમિપર બેસીને ન ખાવું, બેસવાનું આસન હાલતું ચાલતું હોય તો તે તજી દેવું, સ્થિર આસને બેસીને જમવું, જમતાં એઠીંગણ ન દેવું, પ્રાયે માતા કે સ્ત્રીયાદિક પ્રીતિવાળાએ રાંધેલુંજ જમવું, જે પાત્રે પાપી પુરૂષ જમેલ હોય તે પાત્રમાં ઉત્તમ પુરૂષે ન ખાવું, ઋતુવંતીનું પાત્ર તજી દેવું, ઉના પાત્રમાં ન જમવું, અજાણ્યા પાત્રમાં ન ખાવું, ગાય કે ઘોડાએ ચાટયું કે સુંઘ્યું હોય કે પંખી વિગેરેએ ચાટયું કે બોટયું હોય તેવા પાત્રમાં ન ખાવું, જમણી નાસિકા વહેતી હોય ત્યારે જમવું, અતિ ખારૂં, અતિ ખાટું, અતિ ઉનું ન ખાવું. અતિ ખારૂં ખાવાથી શરીરને હાનિ થાય છે. શાક ઘણું ન ખાવું તેમજ શાક વિના પણ ન ખાવું. દુધ બને તેટલું વધારે ખાવું અને ચોખા જુના ખાવા, તેથી શરીરમાં તેજ વધે છે. જમ્યા પછી તરત દોડવું નહિ, વાહનમાં પણ બેસવું નહીં. થોડો વખત તો બીલકુલ શ્રમ કરવો નહીં.

ઉત્તમ પુરૂષે સાધુની જેમ ભોજન કરવું, એટલે કે જમતાં ભોજન વખાણવું કે વખોડવું નહીં, જમી રહ્યા પછી નિર્મળ જળનો એક ચળુનો કોગળો ગળે ઉતારી જવો. બીજા કોગળા મુખશુદ્ધિ માટે બહાર કરવા. પાણી પશુની જેમ નીચું મુખ કરીને ન પીવું. પીતાં પાત્રમાં પાણી વધે તો તે તેના ઠામમાં ન નાખતાં નિર્જીવ જગ્યાએ ઢોળી નાખવું, પાણી ઝાઝું ન પીવું, અને પાણીની બોખ મોઢે ન માંડવી.

ભોજન કરી રહ્યા પછી નવકાર ગણવો અને બની શકે તો ચૈત્યવંદન કરવું. ભોજન કરી રહ્યા પછીનો ભીનો હાથ બીજા હાથ સાથે ન ઘસવો, પગે ન ઘસવો, મોં સાથે ન લગાડવો પણ ઢીંચણ સાથે ઘસવો. ભોજન કરીને આળસ ન મરડવું, તરત દિશાએ ન જવું અને ઉઘાડે શરીરે ન બેસવું, સ્નાન પણ ન કરવું. જમ્યા પછી સો ડગલાં ભરવાં, કેમકે જમીને બેસી રહેવાથી પેટ વધે છે, થોડું ઘણું ચાલ્યા પછી ડાબે પડખે થોડો વખત જાગતા સુવું. તે પણ ચીતા ન સુવું; ચીતા સુવાથી કફ ઉત્પન્ન થાય છે-બડખો આવે છે, અને ડાબે પડખે સુવાથી આયુષ્ય વધે છે. આ પ્રમાણે ભોજનવિધિ સમજીને સુજ્ઞ મનુષ્યે તદનુસાર યથાશક્તિ અવશ્ય વર્તવું.

હવે જમ્યા પછી તંબોળ ખાવું તે કેવી રીતે ખાવું અને શું પદાર્થો ખાવા તેનું વર્ણન કરશું.

અપૂર્ણ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# स्फुट नोंध अने चर्चा.

આ ચાલતો સમય બહુ બારીક અને ઘણા મહાન્ પુરૂષોનો ક્ષય કરનારજ જણાય છે. હાલમાં ચાલતા ઇન્ફલ્યુએન્ઝા તાવે ઘણા ભોગો લીધા, તેમાં જેઓ ઉંચા પ્રકારની ડાકટરી સહાય લઈ શકે અને ગમે તેટલો ખર્ચ શરીર નિમિત્તે કરી શકે તેવા રાજા મહારાજાઓ પણ તે વ્યાધિને શરણ થઈ મૃત્યુવશ થયા છે, અને મોટા મહાત્માઓ પણ તે વ્યાધિના ભોગ થઇ પડ્યા છે. હાલમાંજ આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વર સાથે વિચરતા મહામહોપાધ્યાય પં. શ્રી પ્રેમવિજયજી માગશર શુદિ ૨ ને દિવસે પાલીપાસેના ગુંદોજ ગામમાં કાળધર્મ પામ્યાના ખબર મળ્યા છે. આ મુનીશ્વર મૂળ ભાવનગરના રહેવાસી ઓસવાળ જ્ઞાતિના હતા. પરમોપકારી શાંતમૂર્ત્તિ શ્રી વૃદ્ધિચંદજી મહારાજના શિષ્ય હતા, અને તેમની જેવા શાંત, સરલ સ્વભાવી, ક્રિયાનિષ્ઠ, ચારિત્ર માર્ગમાં તત્પર અને વ્યવહાર વિચક્ષણ હતા. તેઓ પં. ગંભીરવિજયજી સાથે ઘણા વરસ સુધી રહ્યા હતા, અને તેમનાજ હસ્તથી પંન્યાસ પદવીથી વિભૂષિત થયા હતા. પં. ગંભીરવિજયજીની વૃદ્ધાવસ્થામાં અંત અવસ્થા સુધી બહુ સારી રીતે તેમણે સેવા કરી હતી. તેમના દેહાવસાને પછી આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી સાથે વિચરતા હતા. લગભગ છેલ્લા સાતેક વરસથી મારવાડમાં તેઓનો વિહાર હતો. અને હાલમાંજ સં. ૧૯૭૨ ના માગશર વદિ ૩ દિવસે સાદરી ગામમાં મોટા મહોત્સવ પૂર્વક તેમને, મહામહોપાધ્યાયની પદવી બીજા મુનિઓની સાથે આપવામાં આવી હતી. સાથે રહેનારા સાધુઓની ભક્તિ કરવામાં તેઓ સર્વદા તત્પર રહેતા, સમુદાયને જાળવવાની તેમનામાં શક્તિ હતી. આ મુનિમહારાજના દેહોત્સર્ગથી એક શાંત, ચારિત્ર રક્ત, નિષ્કપટી, નિરભિમાની સાધુ મહાત્માની ખોટ પડી છે, પણ ભાવી આગળ ઉપાય નથી. આ સમાચાર અત્રે મળતાં ભાવનગરનાં સંઘે ઉચિત ક્રિયા કરી હતી, અને ગામમાં હડતાળ પડાવવામાં આવી હતી. અમે તે મહાત્માના મરણથી અમારા અંતઃકરણની દિલગીરી પ્રકટ કરીએ છીએ, અને તેમના અમર આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

* * * * *

પૂજ્ય તીર્થંકરોએ બાર પ્રકારનો તપ વર્ણવેલો છે, તેમાં બાહ્ય તપનાં છ ભેદમાં એક ભેદ ઉણોદરી નામનો કહેલ છે. જમવા બેસતી વખતે ભુખ હોય તે કરતાં ઓછું ખાવું તેને પણ તપ કહેવામાં આવે છે. ઉંડા વિચાર કરતાં આ તપથી બહુ ફાયદો છે, અને તે તપનું આચરણ જરા મુશ્કેલ-કઠણ પણ છે. આહાર કરવાના સમયે છતી જોગવાઇએ સ્વાદીષ્ટ ભોજન પાસે પડ્યું હોય છતાં પણ ઉણા-થોડા

For Private And Personal Use Only

ભુખ્યા ઉઠવું તે કઠણ છે, તેવે પ્રસંગે ભુખ કરતાં વધારેજ ખવાઇ જાય છે, અને તપાચરણ થઇ શકતું નથી. આ તપ જેમ આત્મિક ઉન્નતિ અર્થે ઉપયોગી છે, તેવી જ રીતે શારીરિક તંદુરસ્તી માટે પણ અતિ ઉપયોગી છે, આહારના વખતે ઓછું વાપરનાર શારીરિક વ્યથાથી બહુ ઓછો પીડાય છે. વ્યાધિમાત્રનું મૂળ બદહજમી છે, અને ઉણોદરી વ્રત આદરનાર તે વ્યાધિથી પીડાય તેવો સંભવ બીલકુલ રહેતો નથી. ઈન્ફ્લ્યુએન્ઝા તાવના મુંબઈમાં બે વખત હુમલા થયા પછી પાછો ત્રીજી વખત હુમલો શરૂ થયો છે. મરણ સંખ્યા વધવા માંડી છે. આ વ્યાધિ આટલેથીજ શમી જાય–આગળ ન વધે તેવી આપણે પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ. પણ શિયાળામાં આ વ્યાધિ જો આકરૂં રૂપ પકડે અને સર્વત્ર ફેલાય તો પરિણામ ભયંકર આવે તેવો સંભવ કેટલાક હુંશિયાર ડાકટરો જણાવે છે. આ વ્યાધિમાંથી બચવા માટે ઉણોદરી વ્રત અને ઉકાળેલ પાણીનું સેવન તે ખાસ ઉપાય છે. જે મનુષ્યો ભુખ કરતાં ઓછું ખાય છે અને ગરમ પાણી પીએ છે તેને આ વ્યાધિ અને કોલેરાનો વ્યાધિ ઓછો ઉપદ્રવ કરે છે. ઉણોદરી વ્રત પાળનારને પ્રતિમાસે પંદર ઉપવાસનું ફળ શાસ્ત્રમાં કહ્યું છે. વૈદક શાસ્ત્રમાં પણ હોજરીનો અર્ધભાગ અન્નથી, ચતુર્થાંશ ભાગ પાણીથી અને ચતુર્થાંશ વાયુ માટે ખાલી રાખવાનું કહ્યું છે. આ પ્રમાણે કરનાર વ્યાધિથી પીડાતો નથી તેવો તે શાસ્ત્રનો પણ સ્પષ્ટ આદેશ છે. ચાલતા ઈન્ફ્લ્યુએન્ઝા અને તેવાજ બીજા વ્યાધિઓથી બચાવનાર, શારીરિક કષ્ટને દૂર કરનાર અને આત્મિક હિત વધારનાર ઉણોદરી વ્રત અને ઉકાળેલ પાણીનું સેવન જેમ બને તેમ જૈન ભાઇઓ અને અન્ય વાંચક બંધુઓ પણ વિશેષ વિશેષ આદરશે તો ભવિષ્યમાં તેમને ઘણો લાભ થવાનો સંપૂર્ણ સંભવ છે.

* * * * *

આ ઇન્ફ્લ્યુએન્ઝા તાવથી બચવાનો બીજો એક ઉપાય તેનાથી ડરવું નહિ, મનમાં જરા પણ તેની ધાસ્તી રાખવી નહિ, તાવ આવે તો પણ તે વ્યાધિથી મૃત્યુજ થશે તેવી ધારણા–કલ્પના બીલકુલ કરવી નહિ, હિંમતથી તેને માટે પ્રયત્ન કરવા, અને ભીતી–બીકને દૂર કરવી તે પણ છે. આવા ડરથી માનસિક નાહિંમતપણાથી ઘણી વખત વિશેષ વ્યાધિના ભોગ થઈ જવાય છે. તેથી તેનાથી ડરવું નહિ, અને આજુબાજુનાં સગાં સંબંધીઓને આવા વ્યાધિના ભોગ થઇ જતાં જોઈ આત્મહિતમાં–મનુષ્ય કર્તવ્યમાં–ધાર્મિક પ્રવૃત્તિમાં વિશેષ ઉજમાળ થવું તે ખાસ કર્તવ્ય છે, આ બાબત ઉપર લખતાં વડોદરામાં પ્રગટ થતા માસિક 'પ્રાતઃકાળ' ના શ્રીયુત્ તંત્રી ઉપયોગી નોંધ લખે છે. તે જાણવા લાયક–આદરવા લાયક હોવાથી અમે તેનો ઉતારો આપીયે છીએ. તે બંધુ લખે છે કેઃ–" આપણી આધિ, વ્યાધિ, ઉપાધિનો આટલેથી અવધિ આવતો નથી. હજી પણ આપણી

પ્રજાને કેટલોક સમય આવી વિકટ સ્થિતિમાંથી પસાર થવાનું છે. તો આવા પ્રસંગોથી દીન બનીને આપણે તેનાથી અભિભૂત થવાનું નથી, અર્થાત્ તેનાથી હારી જવાનું નથી. પણ મેરૂવત્ અચળ રહીને ધૈર્યથી આપણા મનુષ્યત્વને, શિવત્વને, અને આપણા આત્મત્વને પ્રકટ કરવાનું છે, ભલેને આથી અધિક કષ્ટો આવે, પણ તે સર્વનો આપણા અમિત સામર્થ્ય સ્વરૂપ પ્રતિ દૃષ્ટિ રાખીને જય કરવાનો છે, નહિ કે તેનાથી આપણે પરાજય પામવાનું છે.

વળી જેને જોવાનાં વિવેકનેત્ર પ્રાપ્ત છે તે તો સહજ જોઈ શકયા હશે કે આ જગત્‌ની નશ્વરતા જેવી આ પ્રસંગે પ્રત્યક્ષ થઈ છે તેવી અન્ય કોઈ પણ પ્રસંગે નથીજ થઈ. આપણે આ પ્રસંગે આપણાં વ્હાલાં કે દૂરનાં સ્નેહીઓને, મિત્રોને તથા અન્ય આપણા જેવા મનુષ્યોને [illegible] છે, એ શું દર્શાવે છે? એ એજ દર્શાવે છે કે આ જગત્ નશ્વર છે, વિનાશી છે, અને આપણે પણ એક દિવસે તેજ સ્થિતિને પ્રાપ્ત થવાનું છે; તેથી આ ક્ષણથી જ અખંડ સાવધાન રહીને મનુષ્યદેહ પ્રાપ્ત કરવાથી જે આપણું કર્તવ્ય હોય તથા જેવડે આપણે આ જન્મ મરણ અને નાના પ્રકારનાં દુ:ખ અને વિવિધ કલેશ અને પરતંત્રતામાંથી છુટી શકીએ તેમ હોય તે વસ્તુને સિદ્ધ કરવી એજ આ જન્મને સાર્થક કરનાર છે. આ વસ્તુ આપણને સિદ્ધ થાય તે પૂર્વે આપણું પરવશપણે આ દેહથી છુટા પડવું થાય એને ઉચિત નહિ ગણીને અખંડ સાવધાન રહી ઉપર જણાવી તે સ્થિતિને પ્રાપ્ત કરવાનો જે માર્ગ આપણા જાણવામાં હોય તે માર્ગે વહેવું એજ પરમ હિતકર છે; અને આ પ્રમાણે જો આપણે નહિ કરીએ તો આ જગતનાં અન્ય મનુષ્યો જેમ આ સંસારનાં ક્ષણિક મોહને ઉપજાવનાર વિનાશી પદાર્થોનું ચિંતવન કરતા તથા તેને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરતા મરણ શરણ થાય છે તેમ આપણે પણ કાળના પ્રવાહમાં વહેતા થઇ જઇશું. આ વિકટ સમય બુદ્ધિમાનને તો અપૂર્વ બોધ આપે છે, અને તેને તેના કર્તવ્ય પ્રતિ વેગથી વાળે છે." ચાલતા વ્યાધિથી બચવાનો અને આત્મિક હિત કરવાનો ઉપાય દેખાડનાર આ લખાણ તરફ અમે અમારા વાંચક બંધુઓનું ખાસ લક્ષ ખેંચીએ છીએ.

* * * * *

અત્યારથી જ દુષ્કાળની હાક આખા દેશમાં અને ખાસ કરીને ગુજરાત-કાઠિયાવાડના બધા ભાગમાં સખત રીતે વાગવા માંડી છે. દરેક ચીજ બહુ મોંઘી છે, અને દાણા વિગેરેની મોંઘવારી હમેશા વધતી જાય છે. આમાં વળી ખાસ કરીને પાણીની તંગી અને ઘાસચારાની ઓછાશ વિશેષ ધ્યાન ખેંચે તેમ છે. અત્યારથી જ દરેક સ્થળે પાંજરાપોળો ઢોરોથી ઉભરાઇ જવા માંડી છે. અત્રેની પાંજરાપોળમાં આજસુધીમાં ૨૨૦૦ ઉપરાંત ઢોરો ભેગા થયા છે. ઘાસચારાની અછત અને મોંઘા-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



... મોંઘાં આવાં દુધાળાં અને ઉપયોગી જનાવરોનો બચાવ કરવો મુશ્કેલ છે. દરેક ... જૈન બંધુએ આ સમયે પોતાના ધનનો સદ્વ્યય કરવાની તત્પરતા બતાવવાની જરૂર છે. આ કાર્ય માત્ર જૈનોનેજ સાચવવાનું છે તેવું કાંઈ નથી, સર્વ હિંદુભાઈઓની ઢોરોનાં રક્ષણ માટેની એક સરખી ફરજ છે; પણ જૈનો ઉપરજ તે ... વિશેષે મૂકવામાં આવે છે; તો સર્વ ભાઈઓ—આર્યબંધુઓ તરફથી સોંપાયેલો આ ઉમદા હક સાચવવા દરેક જૈન બંધુએ કટિબદ્ધ થવાની ખાસ જરૂર છે. તન, મન, ધનથી જે કાંઈ પણ સેવા આ ઢોરોનાં રક્ષણ માટે થઈ શકે તેવી સેવા અર્પવા દરેક બંધુએ સદોદ્યત રહેવાની જરૂર છે. આ કાર્ય ધાર્મિક દૃષ્ટિએ તેવીજ રીતે દેશહિતની દૃષ્ટિએ પણ અતિ ઉપયોગી છે. દેશની આબાદીનો મુખ્ય આધાર દુધાળાં અને ખેતીવાડીને લાયકનાં ઢોરોના રક્ષણ ઉપર રહેલો છે. વળી જીવદયા તે અત્યુત્તમ કાર્ય છે. મનુષ્યને સર્વ ભવમાં શારીરિક તંદુરસ્તી, લાંબું આયુષ્ય, ઉત્તમ શરીર, ઉચ્ચગોત્ર, ધન ધાન્યાદિકની શુભ સામગ્રી, અને યાવત્ સ્વર્ગ અને અપવર્ગનાં સુખો પણ જીવદયા—પ્રાણીઓ પ્રત્યેની દયા અપાવે છે. આ બારીક સમયમાં મનુષ્ય પ્રાણી ઉપર પણ તેવીજ રીતે દયા કરવાની જરૂર છે; આ મોંઘવારી સર્વને એક સરખી પીડા કરનારી છે, તો દરેક જૈનબંધુ તેનાથી બની શકે તેવી રીતે મનુષ્ય બંધુને અને હક તરીકે વારસામાં આવેલ ઢોરોને બચાવવા—રક્ષવા આ સમયે સત્વર જ બહાર પડશે તેવી આશા રાખવામાં આવે છે.

* * * * *

કાર્તિક શુદિ. ૧૪ ગઈ, અને ચાતુર્માસ સંપૂર્ણ થતાં એટલે મુનિ મહારાજાઓને માસકલ્પી વિહારની છુટ થાય છે. ઘણા ખરા મુનિ મહારાજાઓ અને સાધ્વીઓએ તો જે સ્થળે ચાતુર્માસ ગાળ્યાં હશે ત્યાંથી વિહાર પણ કર્યો છે. શારીરિક અશક્તિ અગર વ્યાધિને લીધે વિહાર નહિ કરી શકતા એવા મહાત્માઓ સિવાય અન્ય સર્વને વિનંતિ કરવાની કે જે જે સ્થળે જૈનધર્મના સાધુઓની જોગવાઈ નહિ મળવાથી જૈનો અન્ય ધર્મ સ્વીકારી લે છે તેવાં સ્થળો તરફ આપ સાધુ અને સાધ્વીઓ વિહાર જરૂર કરશો. તમારી જેવા શુદ્ધ ચારિત્ર પાળનારાઓના તે તે સ્થળોના વિહારથી જૈન કોમને ઘણો ફાયદો થશે, તે સ્થળે જૈન ધર્મનો ઉદય થશે, જૈનીઓની ફરી જતી શ્રદ્ધામાં સુધારો થશે, અને તત્વશ્રવણથી શુદ્ધ માર્ગે તેઓ લાગશે. ચાતુર્માસમાં સાધુ સાધ્વીઓ એકઠા થઈ જ્ઞાનાભ્યાસમાં મગ્ન રહે, પણ તે સિવાયના શેષકાળના સમયમાં તો તેઓ છુટા છુટા વિહાર કરી ઉપદેશ આપતાં ફરે તો જૈનકોમની પણ વૃદ્ધિ થવાનો સંભવ રહે છે. મુનિ મહારાજાઓ અને સાધ્વીઓ અમારી આ વિનંતિનો જરૂર સ્વીકાર કરશે એવી આશા રાખવામાં આવે છે.

* * * * *

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શીહોર–પાલીતાણા વચ્ચે એકજ ટ્રેઈન દોડતી હોવાથી યાત્રાળુઓને જવા આવવાની બહુ હેરાનગતિ ભોગવવી પડે છે. હવે લડાઈ બંધ થઇ છે, દરેક ટ્રેઇનના માલીકોને ડબાની છુટ થશે, તો શેઠ આણંદજી કલ્યાણજીના કારખાના તરફથી તાકીદે શીહોર–પાલીતાણા વચ્ચે પ્રથમની જેમ બે ટ્રેઈનો દોડે તેવી અરજી કરવાની જરૂર છે. ભાવનગર જતી અને આવતી શીહોર છ ટ્રેઇનો આવે છે તેમાંની ચાર ટ્રેનના પેસેંજરોને શીહોર રોકાઇ રહેવું પડે છે, તો બે ટ્રેઇનો દોડે તેવી સગવડ થાય તે માટે તાકીદે પગલાં લેવાની જરૂર છે. શીહોરમાં શ્રેષ્ઠી શ્રીયુત્ શેઠ દેવકરણ મુળજી, શેઠ ત્રીભોવનદાસ ભાણજી, શેઠ પ્રેમચંદ રતનજી વિગેરે તરફથી બહુ મોટી રકમ ખર્ચી એક વિશાળ ધર્મશાળા બાંધવામાં આવી છે, પણ પાગરણ તથા ઠામ વાસણની ત્યાં સગવડ નહિ થયેલ હોવાથી યાત્રાળુઓને આ શિયાળાની રૂતુમાં ખાસ કરીને બહુ હેરાનગતિ ભોગવવી પડે છે. જ્યાં સુધી બે ટ્રેઇનોની સગવડ ન થાય ત્યાં સુધી તે ધર્મશાળામાં તે શ્રેષ્ઠીઓ તરફથી અગર તો શેઠ આણંદજી કલ્યાણજી તરફથી પાગરણ વિગેરે માટે પણ તાકીદે બંદોબસ્ત થવાની જરૂર છે.

* * * * *

ઝાલાવાડમાં લીંબડી એવું સ્થળ છે કે તે તે ભાગમાં વસતા જૈનોમાં મુખ્ય સ્થળ ગણાય છે. ત્યાં કેળવણી મફત અપાતી હોવાથી વિદ્યાર્થીઓની સંખ્યા સારી રહે છે. આવાં સ્થળમાં એક બોર્ડીન્ગની ખાસ જરૂર હતી, અને હાલમાં બે વર્ષથી શ્રેષ્ઠી શ્રીયુત્ પરી. ઉમેદભાઇ નાનચંદ અને દોશી. કેશવલાલ લાલચંદ વિગેરેના શુભ પ્રયાસથી એક બોર્ડીન્ગ સ્થાપવામાં આવી છે. તે બોર્ડીન્ગનો પ્રથમ રીપોર્ટ પણ હાલમાં બહાર પાડવામાં આવ્યો છે, જે ઉપરથી બોર્ડીન્ગના સહાયકો વિગેરેની માહીતી મળે છે. આ બોર્ડીન્ગ સારા પાયા ઉપર ચલાવવામાં આવે છે. હાલ તુરત તે બોર્ડીન્ગમાં લગભગ પચીશ વિદ્યાર્થીઓ રાખવામાં આવેલા છે. આ બોર્ડીન્ગ માટે જે મકાન રાખવામાં આવેલ છે તે મકાન બોર્ડીન્ગને લાયક નથી, તેથી તેના સંચાલકોએ બોર્ડીન્ગને લાયક મકાન તાકીદે તૈયાર કરાવવાની જરૂર છે. બોર્ડીન્ગમાં વસતા વિદ્યાર્થીઓ માટે જોઇતું ફરનીચર પણ હજુ વસાવવામાં આવેલું નથી. મોંઘવારીને લીધે આમ બન્યું હશે, પણ હવે તાકીદે તે તૈયાર કરાવવાની જરૂર છે. વિદ્યાર્થીઓ માટે જોઇતાં ગાદલાં–ગોદડાં–ખાટલા–મેજ વિગેરે વસાવવાની પણ જરૂર છે. છોકરાંઓને દુધ પણ વધારે પ્રમાણમાં અપાવવાની જરૂર છે. આવા કાર્યોમાં મોંઘવારીના વિચારો સાથે ઘણી વખત જે શરૂઆતમાં કાર્ય થાય છે તે પછીથી મંદોત્સાહ થતાં અટકી જાય છે તે વાત પણ વિચારવા જેવી છે. મોંઘવારીના સમયમાં વળી સહાયક વધારે શોધી આવાં કાર્યો સંપૂર્ણ આકારમાં મૂકાવાથી પછીથી તેમાં ખલેલ આવવાનો સંભવ રહેતો નથી. આવા ખાતાઓ માટે વળી એક એવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિરૂદ્ધ દલીલ કરવામાં આવે છે કે–" વિદ્યાર્થીઓ તેમને ઘેર એવી શું સાહેબી ભોગવે છે ? માટે અહીં તેવી જરૂર નથી. વળી અહીં જો વિદ્યાર્થીઓને બહુ સાહેબી ભોગવતાં શીખવશું તો તેમને તેમના ઘેર રહેવું ગોઠશે નહિ. " પણ આ દલીલ નકામી છે. જે વિદ્યાર્થીઓ ઘરે સગવડથી નથી રહી શકતા તેઓજ આવી બોર્ડીંગોનો આશ્રય લે છે; અને વધારે સગવડથી રહેવા શીખતાં ભવિષ્યમાં તેઓ પોતાનાંજ ગૃહોમાં સગવડથી રહેતાં શીખે છે. જેવા આદર્શ અને સગવડ આ બાળવિદ્યાર્થીઓને આપણે આપીએ તેવુંજ તેઓ શીખે છે. તેથી ઉપરનો વિચાર નકામો છે. સુશિક્ષણવાળા સહાયકોના હાથ નીચે મૂકાયેલા વિદ્યાર્થીઓ સગવડથી રહે તેજ તેઓને વિચારવાનું હોય છે. તેમના ગૃહ વિગેરેની સ્થિતિનો વિચાર અસ્થાને અને બીનજરૂરી છે. અમે લીંબડી બોર્ડીંગના કાર્યકર્તાઓને તેમના શુભ પ્રયાસ અને ખંતિ ભોગ માટે ધન્યવાદ આપીએ છીએ, અને જોઇતી સામગ્રી તથા મકાન વિગેરે માટે બનતી તાકીદે પ્રયાસ કરવા સૂચવીએ છીએ.

* * * * *

' દિગંબર–જૈન ' માસિક તરફથી તેના ગ્રાહકોને ત્રણ ભેટની બુકો હાલમાં આપવામાં આવી છે. આ બુકો અમને પણ પહોંચાડવામાં આવી છે. તે બુકો " મહાવીર ચરિત્ર, કલ્પસૂત્ર ઉપર નિબંધ, ધર્મ ચર્ચા સંગ્રહ " તે નામવાળી છે. મહાવીર ચરિત્રમાં મહાવીરસ્વામીના પ્રથમ ભવથી બધા ભવોનું દિગંબર દ્રષ્ટિએ વર્ણન હિંદુસ્તાની ભાષામાં આપવામાં આવ્યું છે. દિગંબર અને શ્વેતાંબરોમાં મહાવીર ચરિત્રને અંગે કથાનુયોગમાં ઘણો મતાંતર છે, તે આ બુકથી માલુમ પડે છે. કલ્પસૂત્ર ઉપર નિબંધવાળી બુકમાં કલ્પસૂત્ર ક્યારે લખાયું, તેની અગત્યતા, ઐતિહાસિક દ્રષ્ટિએ મહાવીર સ્વામી ક્યારે થયા, તેમના જીવનને ઉપયોગી બનાવવા તેમનો પ્રયાસ વિગેરે બાબતો ઉપર ઇંગ્લીશ લેખકોને આધારે અજવાળું પાડવા લેખકે ગુજરાતી ભાષામાં સારો પ્રયાસ કર્યો છે, પણ ભાષા પ્રૌઢ ને શુદ્ધ નથી; ધર્મચર્ચા સંગ્રહમાં ધાર્મિક તત્વો વિગેરેનો સંગ્રહ કરેલો છે. ત્રણે બુકો ઉપયોગી છે. આવી ભેટો આપવા માટે " દિગંબર-જૈન " ના અધિપતિને અમો મુબારકબાદી આપીએ છીએ. વળી હાલમાંજ તેમના તરફથી એક મોટો અંક કાર્તિક–માર્ગશિર્ષનો બહાર પાડવામાં આવ્યો છે; તેમાં પણ ઉપયોગી લેખોનો સંગ્રહ આપવામાં આવ્યો છે. દિગંબર–જૈનના અધિપતિનો શુભ પ્રયાસ જોઇ અમને બહુ આનંદ થાય છે.

* * * * *

આપણું માસિક અમારા ગ્રાહકોના હાથમાં જેમ બને તેમ તાકીદે અને નિયમિત રીતે મૂકવા અમો પ્રયાસ કર્યાજ કરીએ છીએ. આ માસિકમાં વિશેષ સુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધારા–વધારા કરવાના વિચારો પણ ચાલુજ છે, અને થોડા વખતમાં અમારી યોજના બહાર પાડવાનો અમારો વિચાર છે. પ્રત્યેક માસની શરૂઆતમાં શુદિ ૧ થી શુદિ ૫ સુધીમાં આ માસિક અમારા ગ્રાહકોને પહોંચાડવામાં આવે છે. આમ હોવાથી આગલા માસમાં વદિ ૫ લગભગ મેટર તૈયાર કરી પ્રેસમાં મોકલવામાં આવે છે. આમ હોવાથીજ અમારા કાર્તિક માસના અંકમાં અત્રેના જૈન સ્વયંસેવક મંડળના કાર્ય માટે નોંધ લઈ શકાણી નહોતી. આસો વદિ ૫ મે કાર્તિક માસનું મેટર પ્રેસમાં મોકલતી વખતે જૈન સ્વયંસેવક મંડળનાં અત્રેના ઔષધાલય માટેના કાર્યની શરૂઆત હતી. આમ હોવા છતાં અત્રે પ્રગટ થતાં " આત્માનંદ પ્રકાશ " ના તંત્રીને અમારા ઉપર આક્ષેપ કરવાની શા કારણથી જરૂર પડી હશે તેની અમોને ખબર પડતી નથી. અમુક માસમાંજ અમુક બાબતની નોંધ લેવી તેવો કાંઇ નિર્ણય હોતો નથી. કાર્યની પૂર્ણાહૂતિ પછીજ તેના ગુણદોષ માટેનું વિવેચન યોગ્ય કહેવાય છે, છતાં ' આત્માનંદ પ્રકાશ ' કારને અમારી નોંધ માટે બહુજ આતુરતા દેખાડવી પડી છે તેનું શું કારણ હશે તે અમો કલ્પી શકતા નથી. અમારો તો ગુણ–પ્રશંસાનો સદાનો નિયમ ચાલુજ છે. દરેક શુભ કાર્ય માટે અમો આનંદ પ્રદર્શિત કરીએજ છીએ, છતાં આ વખતે તે તંત્રીની અધીરાઇનું શું કારણ હશે તે વિચારતાં કલ્પનાશક્તિ ચાલતી નથી. ગમે તે કારણે પણ અમને અમારી ફરજમાં જાગૃત રહેવાની સૂચના કરવા માટે અમે તે તંત્રીનો ઉપકાર માનીએ છીએ અને અમારા માર્ગશિર્ષ માસની નોંધ તરફ તે બંધુનું ધ્યાન ખેંચીએ છીએ. ઇચ્છિત વસ્તુ ઘણે ભાગે તેમને તેમાંથી મળી રહેવા સંભવ છે.

* * * * *

આ માસિક પ્રેસમાંથી છપાઇ બહાર પડે તે દરમિયાનમાં એક બહુ ખેદકારક સમાચાર સાંભળવામાં આવ્યા છે, જેની નોંધ લેવાની બહુ અગત્ય છે. આ સમય બહુ બારીક વર્તે છે. એક પછી એક સારા સારા જૈનશાસન દીપાવનારા વીરલાઓનો વિરહ પડતો જાય છે, અને જે ખોટ પડે છે તે કયારે પૂરાશે તેની ખબર પડતી નથી. માગશર વદિ ૮ ને દિવસે ખંભાતથી તાર મારફત ખબર મળ્યા છે કે **ઉપાધ્યાયજી વીરવિજયજીએ** કાળ કર્યો છે. આ સમાચાર સાંભળી સર્વને બહુ ખેદ થાય તે સ્વાભાવિક છે. તેમની સરલ નિષ્કપટ પ્રકૃતિ, આનંદી સ્વભાવ, ધર્મ ઉપર પ્રીતિ, ' મહાવીર સ્વામીનો જય ' બોલાવવાની ચાલુ ટેવ, શાંત વૃત્તિ વિગેરે ઉત્તમ ગુણો ન ભૂલાય તેવા છે. તેઓ મૂળ ભાવનગરના રહેવાસી હતા, જ્ઞાતે ભાવસાર હતા, અને સં. ૧૯૩૫ ની સાલમાં પરમપૂજ્ય આચાર્યશ્રી મદ્વિજયાનંદ સૂરીશ્વર પાસે દીક્ષા ગ્રહણ કરી હતી. બેંતાળીશ વરસ સુધી અખંડ રીતે શુદ્ધ સાત્વિકપણાથી તેમણે ચારિત્ર પાળ્યું હતું, અને હિંદુસ્તાનના દરેક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



... વિહાર કરી તેમના સદુપદેશથી જૈન કોમ ઉપર ઉપકાર કર્યો હતો. વ્યાખ્યાન ... મધુર વાણી, પૂજા ભણાવવા વખતનો તેમનો સુંદર અવાજ, અને રાસાદિક વાંચતાં અને સંભળાવતાં નીકળતી સુમધુર વાણી જેણે જેણે સાંભળી હશે તેઓ ... મુનીજનના અવસાન માટે અવશ્ય ખેદિત થયા વિના રહેશે નહિ. સં. ૧૯૫૮ માં પાટણ શહેરમાં તેમને ઉપાધ્યાય પદવી આપવામાં આવી હતી. નિરભિમાન વૃત્તિથી વર્તનારા આ મુનિમાતંગને પદવીની ઇચ્છાજ નહોતી. જગતમાં અવશ્ય દરેક જન્મેલ પ્રાણીને મૃત્યુ આવવાનુંજ છે, પણ આવા મહાત્મા ભક્ત, કે ... જન્મ વિરલજ હોય છે, જેની માતા ખરી પુત્રવતી કહેવાય છે, અને ભક્તિમાં ... પુરૂષોની ગણત્રીમાં જેનું નામ મુખ્ય તરીકે આવે છે, તેવા મનુષ્યનું અવસાન સર્વને ખેદ કરાવે છે. તે મહાત્માના અશુભ સમાચાર આવતાં ભાવનગરમાં કાપડ–સુતરબજાર વિગેરે બજારો બંધ રખાવવામાં આવી હતી, વળી ... વડવાનો ભાગ, કે જ્યાં તે મહાત્માનો જન્મ અને વ્યાપાર હતો તે સ્થળનો તમામ વ્યાપાર પણ બંધ કરવામાં આવ્યો હતો, અને તે મુનીશ્વરના શ્રેય નિમિત્તે અને પાછળ રહેલાઓ અધિક ધાર્મિક વ્યવસાયમાં જોડાય તે નિમિત્તે વડવામાં અઠ્ઠાઇ મહોત્સવ શરૂ કરવામાં આવ્યો છે. તે મહાત્માની જેવા સરલ સ્વભાવી, નિષ્કપટી, શાંત વૃત્તિવાળા, અને આનંદી થવાની તેમનાં શિષ્ય સમુદાયને અમે આગ્રહપૂર્વક વિનંતિ કરીએ છીએ, અને ઉચ્ચગતિગામી તે મહાત્માના જીવને જ્યાં હોય ત્યાં શાંતિ ઇચ્છીએ છીએ.

* * * * *

પં. ચતુરવિજયજી, મુનિરાજ શ્રી ભક્તિવિજયજી, પં. શાંતિવિજયજી વિગેરે કાળ કરી ગયેલા મહાત્માઓના સ્મરણાર્થે પાવાપુરી તીર્થની રચના પૂર્વક માગશર વદ ૬ થી માગશર વદ ૧૩ સુધી અત્રે ભાવનગરમાં અઠ્ઠાઇ મહોત્સવ કરવામાં આવ્યો છે. કાળ કરી જનારા મહાત્માઓ માટેની આવી સ્મરણયુક્ત કરણીથી ગુણભક્તિ થાય છે, ભાવપૂજાનો આનંદ અનુભવાય છે, પ્રભુ સ્તવનમાં લીન થવાય છે, અને અનેક મનુષ્યોને ધર્મમાં જોડવામાં આલંબનરૂપ આવાં કાર્યો થાય છે.

* * * * *

અત્રેની શ્રી યશોવિજયજી ગ્રંથમાળા તરફથી આચાર્યશ્રી વિજયધર્મસૂરિએ લખેલ એક ઉપયોગી નિબંધની બુક બ્રહ્મચર્ય દિગ્દર્શન નામની અમને ભેટ તરીકે મોકલવામાં આવી છે. શ્રેષ્ઠી શ્રીયુત્ પોપટલાલ ધારશીભાઇએ પોતાની માતાના શુભ નિમિત્તે આ બુકની ૫૦૦૦ કોપી ભેટ દાખલ આપવા છપાવી છે. બુક ખાસ ઉપયોગી અને વાંચવા લાયક છે. બ્રહ્મચર્યને લગતી ઘણી બાબતોનો એમાં સમાવેશ કરવામાં આવ્યો છે. સુખી થવા ઇચ્છતા બંધુને તે વાંચવાની અમે ખાસ ભલામણ કરીએ છીએ.

For Private And Personal Use Only